RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 193* Date: 04.05.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

મોદીએ બજરંગબલીનો જય-જયકાર કરાવ્યો

વિપક્ષો માત્ર 'અપશબ્દોની પોલિટિક્સ' જાણે છે, તેઓ અમને હરાવી શકતા નથી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

કોંગ્રેસ 'દેશદ્રોહી' સાથે ગઠબંધન કરે છે અને ચૂંટણી માટે ભારત વિરોધી શક્તિઓની મદદ લે છે.

(એ.આર.એલ),અંકોલા,તા૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના અંકોલામાં રેલીમાં સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસ ભાજપને હરાવી શકતી નથી, તેથી કોંગ્રેસ તેમને અપશબ્દો બોલે છે, આ માટે કર્ણાટકના મતદારો તેમને પાઠ ભણાવશે. મોદીએ કહ્યું કે, વિપક્ષો માત્ર 'અપશબ્દોની પોલિટિક્સ' જાણે છે. તેઓ અમને હરાવી શકતા નથી, એટલે અમને અપશબ્દો બોલે છે. કર્ણાટકના લોકો અપશબ્દોના રાજકારણને નકારે છે અને મને અપશબ્દો બોલવા બદલ તમામ મતદારો કોંગ્રેસને પાઠ ભણાવશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ-જેડીએસ સરકાર દરમિયાન કર્ણાટકમાં આશરે ૩૦ હજાર કરોડ રૂપિયાનું એફડીઆઇ આવતું હતું. જો કે અમને ત્રણ વર્ષ મળતાં એફડીઆઇ ત્રણ ઘણો વધીને ૯૦ હજાર કરોડે પહોંચી ગયો... આવું થવાનું મુખ્ય કારણ કર્ણાટકનો વિકાસ ભાજપની પ્રથમ પ્રાથમિકતા છે.

મોદીએ સંબોધનમાં કહ્યું કે, અમોરું કોઈ રિમોટ કંટ્રોલ નથી. તમે ૧૪૦ કરોડ હિન્દુસ્તાનીઓ મારા રિમોટ કંટ્રોલ છો. તમે આદેશ આપતા અમે હિંદીમાં ભાષણ કરીશું.

પીએમ મોદીએ કોંગ્રેસ પર દેશ વિરોધી શક્તિઓ સાથે સાંઠગાંઠનો આરોપ લગાવ્યો.મોદીએ અહીં કહ્યું, કોંગ્રેસ 'દેશદ્રોહી' સાથે ગઠબંધન કરે છે અને ચૂંટણી માટે ભારત વિરોધી શક્તિઓની મદદ લે છે. તેઓ 'દેશદ્રોહી' સામેના કેસ પાછા ખેંચે છે અને તેઓ આતંકવાદી સમર્થકોની ઢાલ બની જાય છે. આ સાથે તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ કર્ણાટકમાં શાંતિની દુશ્મન છે... તે વિકાસની દુશ્મન છે. આ સાથે કહ્યું કે, કોંગ્રેસ આતંકના આકાઓને બચાવે છે.

મોદીએ પોતાના ભાષણની શરૂઆત બજરંગ બલીને વખાણ કરીને કરી અને કહ્યું કે, કર્ણાટકની જનતા કોંગ્રેસનો ભયાનક ચહેરો જોઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું, 'ભારત માતા કી જય... બજરંગ બલી કી જય... શાંતિ અને સૌહાર્દનો સંદેશ ફેલાવનારા તમામ મઠ, તીર્થંકરો અને સંતોને હું આદરપૂર્વક નમન કરું છું. 'સબકા સાથ અને સબકા વિકાસ'નો મંત્ર જે સાથે આજે આપણે આગળ વધી રહ્યા છીએ તેમાં તમામ સંતોની પ્રેરણા છે. પોતાના સંબોધનની શરૂઆત કરતા કહ્યું કે, 'જનતા-જનારંદનનો આદેશ મારી નજર સામે છે. છેવટે આ દેશના ૧૪૦ કરોડ લોકો આપણું રિમોટ કંટ્રોલ છે. ૧૦ મે મતદાન દિવસ છે. ભાજપનો ઠરાવ કર્ણાટકને નંબર-૧ બનાવવાનો છે. ભાજપનો સંકલ્પ કર્ણાટકમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો છે. ભાજપનો સંકલ્પ કર્ણાટકને મેન્યુફેક્ચરિંગમાં સુપર પાવર બનાવવાનો છે. આ અમારો રોડ મેપ છે જ્યારે કોંગ્રેસને તમારો વોટ જોઈએ છે કારણ કે, તે ભાજપની યોજનાઓ, અહીંના લોકોના વિકાસ માટે કરેલા કામોને પલટાવવા માંગે છે. મોદીએ કહ્યું, 'અમારો પ્રયાસ છે કે કર્ણાટક ઔદ્યોગિક વિકાસમાં નંબર-૧ બને, અમારો પ્રયાસ છે કે, કર્ણાટક કૃષિ વિકાસમાં નંબર-૧ બને, અમારો ઉદ્દેશ્ય એ છે કે, કર્ણાટક સ્વાસ્થ્ય અને શિક્ષણમાં નંબર-૧ બને. કોંગ્રેસ શું ઈચ્છે છે? કોંગ્રેસ કર્ણાટકને દિલ્હીમાં બેઠેલા તેમના 'શાહી પરિવાર'નું નંબર-૧ એટીએમ બનાવવા માંગે છે. મોદીએ પહેલીવાર વોટ કરનાર યુવાનોને ખાસ અપીલ કરતા કહ્યું કે, જે લોકો જીવનમાં પહેલીવાર વોટ કરવા જઈ રહ્યા છે તેઓ કર્ણાટકનું ભવિષ્ય નક્કી કરવાના છે. મારા દિકરા-દિકરીઓ જેઓ પહેલીવાર મતદાન કરવા જઈ રહ્યા છે, જો તમારે તમારી કારકિર્દી બનાવવી હોય, મનનું કામ કરવું હોય તો કોંગ્રેસથી તે શક્ય નહીં બને. જો કર્ણાટકમાં અસ્થિરતા છે, તો તમારું નસીબ પણ અસ્થિર હશે.

વડાપ્રધાન મોદીએ પણ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, જ્યાં પણ લોકો દેશમાં શાંતિ અને પ્રગતિ ઈચ્છે છે, તેઓ પહેલા તેમના રાજ્યમાંથી કોંગ્રેસને હટાવે છે. સમાજમાં શાંતિ હોય તો કોંગ્રેસ ચુપચાપ બેસી ન શકે, દેશનો વિકાસ થાય તો કોંગ્રેસ સહન ન કરી શકે. કોંગ્રેસનું સમગ્ર રાજકારણ ભાગલા પાડો અને રાજ કરો પર આધારિત છે. કોંગ્રેસનો આ ભયંકર ચહેરો કર્ણાટકની જનતાએ પોતે જોઈ લીધો છે. કોંગ્રેસ પર આરોપ લગાવતા PM મોદીએ કહ્યું, આખો દેશ આપણા જવાનોનું સન્માન કરે છે, તેમનું સન્માન કરે છે જ્યારે કોંગ્રેસ આપણી સેનાનું અપમાન કરે છે, આપણા જવાનોનું અપમાન કરે છે. આ સાથે તેમણે કહ્યું કે, આજે આખી દુનિયા ભારતમાં લોકશાહી અને વિકાસને સન્માન આપી રહી છે, પરંતુ રિવર્સ ગિયર કોંગ્રેસ દુનિયાભરમાં ફરીને દેશને બદનામ કરી રહી છે.કોંગ્રેસ પર આરોપ લગાવતા તેમણે કહ્યું હતું કે તેઓએ (કોંગ્રેસ) ૪ કરોડ ૨૦ લાખ બનાવટી નાગરિકોના નામે રાશન આપ્યું હતું. ૪ કરોડ બનાવટી નામોને ગેસ સબ્સિડી આપી હતી, જ્યારે મહિલા કલ્યાણના નામે ૧ કરોડ બનાવટી નાગરિકોના નામે પૈસા મોકલ્યા. આ ઉપરાંત, ૩૦ લાખ બનાવટી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મોકલવામાં આવી રહી હતી.

રાજ્યના મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં

રાજ્યના આરોગ્ય વિભાગમાં ૧૭૬૦ થી વધુ યુવાનોને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરના નિમણૂકપત્રો એનાયત કરાયા

ગાંધીનગર, બુધવાર

રાજ્ય અને દેશનું ખરું ધન યુવાનો છે. યુવાઓના જોમ અને જુસ્સાને યોગ્ય દિશા તરફ વળાય તો વિકસિત દેશ તરફના પ્રયાણ વધુ ગતિમાન બને. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના સબળ નેતૃત્વમાં રાજ્ય સરકાર યુવાનોના ભવિષ્ય માટે હંમેશા ચિંતાતુર રહી છે. રાજ્યના શિક્ષિત યુવાનોને તેમની યોગ્યતાને આધારે નોકરી મળે તે માટે સરકાર કટિબદ્ધ રહી છે. આ માટે સરકાર દ્વારા રાજ્યના વિવિધ સેવા ક્ષેત્રોમાં વિવિધ સંવર્ગની ભરતીઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા માટે રાજ્યનો આરોગ્ય વિભાગ ખડેપગે રહે છે. આ વિભાગમાં સરકાર દ્વારા વિવિધ સંવર્ગની ભરતીના ભાગ રૂપે મલ્ટિપર્પઝ હેલ્થ વર્કરની ૧૭૬૦ થી વધુ જગ્યાઓ પર સીધી ભરતી યોજાઇ હતી. સરકારેઆ કેડરની ખૂબ જ ઓછા સમયમાં પરીક્ષા લઈને નિમણૂક આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. સરકાર દ્વારા પારદર્શી અને ખૂબ જ ઝડપથી ભરતી કરાતાં આ ભરતીમાં નોકરી મેળવનાર યુવાનોના જીવનમાં ખુશીઓએદસ્તક દીધી છે.

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતીમાં પસંદગી પામનાર ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તાર એવા નેત્રંગ તાલુકાના એવા જ એક યુવાન જયેશ વસાવાને તેની મહેનતનું ફળ મળ્યું છે. જયેશ વસાવાના માતાપિતા ખેતી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે.તેમની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે પસંદગી થતાં ગરીબ પરિવારના જીવનમાં અજવાસ આવશે. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે પસંદગી પામતા પોતાની ખુશી વ્યક્ત કરતાંજયેશ વસાવા જણાવે છે કે તેઓ છેલ્લા ૨ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં હતા. ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની પરીક્ષામાં ઉતીર્ણ થઈને મેરિટને આધારે તેમની પસંદગી થઈ છે. સરકાર દ્વારા યોગ્ય અને લાયક ઉમેદવારોની સરકારી વિભાગોમાં પારદર્શક પદ્ધતિથી પસંદગી થતાં તેઓ સરકાર પ્રત્યે આભાર પ્રગટ કરે છે.

આ જ રીતે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની આ ભરતીમાં પસંદગી પામનાર અમદાવાદના યુવાન કરણ ચૌહાણ સરકાર દ્વારા કરવામાં આવેલી આ ભરતીના લાભાન્વિત ઉમેદવાર છે. કરણ ચૌહાણ આર્મી નિવૃત યુવાન છે. તેમને ઇન્ડિયન આર્મીમાં ૧૭ વર્ષ દેશ સેવા કરી છે. આ ભરતી દ્વારા ઇન્ડિયન આર્મીમાં સેવા આપ્યા બાદ રાજ્યની સેવા કરવાનો વધુ એક મોકો મળ્યો છે. તેઓ તેમની ખુશી વ્યક્ત કરતાં જણાવે છે કે ભરતીના નિમણૂક પત્ર એનાયત સમારંભમાં તેમને સ્ટેજ પર બોલાવીને મંત્રીશ્રીના વરદ હસ્તે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની સમગ્ર ભરતી પ્રક્રિયા અને સરકારના અભિગમ વિશે જણાવતાં તેઓ કહે છે કે સરકાર દ્વારા આ ભરતી નિષ્પક્ષ, પારદર્શી અને ઝડપથી કરવામાં આવી છે. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની આ ભરતી કોઈ અડચણ અને વિના વિરોધ થઈ તે માટે તેઓ સરકારી વહીવટીતંત્ર અને સરકારશ્રીનો આભાર માને છે.

દેવભૂમિ દ્વારકાના નિવાસી બીજા એક એક્સ આર્મી મેન ગુલાબ જેરામભાઈ કડાવાલા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતીમાં પસંદગી પામ્યા છે. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે પસંદગી પામતા તેઓ ખૂબ ખુશ છે. પોતાની ખુશી વ્યક્ત કરતાં તેઓ જણાવે છે કે સરકાર દ્વારા આરોગ્ય વિભાગમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની નિમણૂકનો પ્રસંગ તેમના માટે ખૂબ જ આનંદ અને ખુશીનો મોકો છે. તેઓ વધુમાં જણાવે છે કે સરકાર દ્વારા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરના તમામ ઉમેદવારોને ખૂબ સાથ અને સહયોગ અપાયો છે તેમજ સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શી રીતે પૂર્ણ કરાઈ છે. સરકારી સેવામાં સરકારમાં માજી સૈનિક માટે વિશેષ જગ્યાઓ અનામત ફાળવાય છે તે માટે તેઓ સરકારશ્રીનો આભાર માને છે અને કર્તવ્યનિષ્ઠા સાથે પોતાની ફરજ બજાવશે તેવું ગૌરવભેર જણાવે છે.

ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ફટાફટ ઓનલાઈન કવિ સંમેલન યોજાયું

૩ મે ૨૦૨૩ આંતરરાષ્ટ્રીય પત્રકાર સ્વતંત્ર દિવસ ના માન માં ઓનલાઈન વિ સંમેલન યોજાયું.આજ રોજ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધી ઓનલાઈન કવિ સંમેલન કાર્યક્રમ ચાલ્યો. મુખ્ય મહેમાન ડૉ ગુલાબચંદ પટેલ ગુજરાત થી ઉપસ્થિત રહ્યા હતાં અતિષિ વિશેષ તરીકે સુનિલ દત્ત મિશ્રા જી, સરસ્વતી વંદના ડૉ મીનાકુમારી બિહાર દ્વારા બધાં મહાનુભાવો નું પુષ્પવર્ષાથી સ્વાગત પ્રીતિ પરમાર 'પ્રીત' સંસ્થા સેક્રેટરી દ્વારા કરવામાં આવ્યું મંચ સહયોગ નિલેશ રાઠોડ નીલ દ્વારા મહેમાન પરિચય અધ્યક્ષ ડૉ. શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવા માં આવ્યો હતો કુલ ૩૧ કવિમિત્રો એ પોતાની રચનાઓ પડદા પર મુકી હતી. વોટશોપ ગ્રુપ ૩૭૫ થી ખીચોખીચ ભરેલ હતું. ચાલુ કાર્યક્રમમાં અધ્યક્ષ શૈલેષ વાણીયા શૈલ સંસ્થા પ્રમુખ દ્વારા ડિજિટલ પ્રમાપત્ર નું વિતરણ કરવામાં આવ્યું. હતું. કાર્યક્રમના અંતે આભારવિધ ફોરમ આર. મહેતા ગુજરાત દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, દિલ્હી, બિહાર, ઉત્તરપ્રદેશ વગેરે રાજ્યોના કવિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો રાષ્ટ્રગાન મધુબેન રાઠોડ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ભારત માતા ની જય નાદ સાથે છુટા પડ્યા.

બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાનનો ભય

આગામી ૨ દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતમાં ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

આઇએમડીએ ૬ મેના રોજ બંગાળની ખાડી પર ચક્રવાતી પરિભ્રમણની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડી ઉપર ચક્રવાતી પવનનો વિસ્તાર બની શકે છે. જેના કારણે આગામી ૪૮ કલાકમાં આ વિસ્તારમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની શકે છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસ માટે એલર્ટ પણ જાહેર કર્યું છે."સ્ઢ અનુસાર, આગામી ૨ દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતમાં ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. અમેરિકાના વેધર ફોરકાસ્ટ મોડલ 'ગ્લોબલ ફોરકાસ્ટ સિસ્ટમ અને યુરોપિયન સેન્ટર ફોર મિડિયમ રેન્જ વેધર ફોરકાસ્ટ્સએ પણ બંગાળની ખાડી પર ચક્રવાતી તોફાનની શક્યતા વ્યક્ત કરી છે. આઇએમડીએ પણ આવી જ આશંકા વ્યક્ત કરી છે. આઇએમડીનું કહેવું છે કે, કેટલાક મોડલ મુજબ બંગાળની ખાડી પર ચક્રવાત સર્જાઈ શકે છે. અમે તેના પર નજર રાખી રહ્યા છીએ. જોકે, એક ખાનગી એજન્સી સ્કાયમેટ વેદાને જણાવ્યું હતું કે, મેના પહેલા ૧૫ દિવસમાં કોઈપણ ઉષ્ણકટિબંધીય તોફાન આવવાની શક્યતા ઘણી ઓછી છે. એપ્રિલમાં ભારતના દરિયામાં કોઈ ચક્રવાતી તોફાન જોવા મળ્યું ન હતું. આ સતત ચોથું વર્ષ છે જ્યારે એપ્રિલ મહિનામાં કોઈ ઉષ્ણકટિબંધીય વાવાઝોડું આવ્યું ન હતું. આઇએમડી અનુસાર, ઉત્તર પ્રદેશમાં ગાજવીજ, વીજળી, વાવાઝોડા અને વરસાદની સાથે ઘણી જગ્યાએ કરા પણ પડી શકે છે. જોરદાર વાવાઝોડાની ઝડપ ૪૦ થી ૫૦ કિ.મી. એક કલાક સુધી ચાલે તેવી શક્યતા છે. ૧ મેના રોજ યુપીમાં ઘણી જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. જ્યારે પશ્ચિમ યુપીના કેટલાક સ્થળોએ ભારે વરસાદ થયો હતો.

આઇએમડીએ પંજાબ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને યાનમ, તેલંગાણા, રાયલસીમા, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. ની શક્યતા વ્યક્ત કરી હતી

તે જ સમયે,આઇએમડીએ જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરી છે. ઉત્તરાખંડમાં વીજળી અને તોફાન સાથે કરા પડવાની સંભાવના છે.

વીજળીના બિલમાં તોતિંગ વધારો

ગુજરાત સરકારનો દાવો પોકળ નીકળ્યો, ગૂપચૂપ ભાવ વધાર્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

ગુજરાત સરકાર એક તરફ એવુ કહે છે કે ગુજરાતમાં વીજળીના ભાવમાં વધારો થઈ નથી રહ્યો. પરંતુ સરકારનો આ દાવો સાવ પોકળ સાબિત થઈ રહ્યો છે. સરકાર હકીકતમાં બંધ બારણે ગૂપચૂપ રીતે વીજળીના દરોમાં ભાવ વધારો કરી રહી છે. એફપીપીએ એટલે કે ફ્યુઅલ સરચાર્જના નામે ફરી ભાવવધારો કરવામા આવ્યો છે. ગુજરાતમાં મહિને ૨૦૦ યુનિટ વાપરતા રહેણાંકના ગ્રાહકો પાસેથી ઉત્તરોઉત્તર વધુ નાણાં વસૂલવામાં આવી રહ્યાં છે. નિષ્ણાતો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતમાં ગરીબ ગ્રાહકોને પણ સરકાર લૂંટી રહી છે. તેમની પાસેથી વધુ ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. મધ્યમ અને નાના પરિવારો પાસેથી દર મહિને ૧૩૮ રૂપિયા વધુ વસૂલવામાં આવી રહ્યાં છે. આ ગ્રાહકો પાસેથી એપ્રિલ, ૨૦૨૨ ના મહિનામાં આ ભાવ વસૂલવામાં આવ્યો છે. જેમાં ૨૦૦ યુનિટ વાપરતા સરકારી ગ્રાહકો પાસેથી ફિક્સડ ચાર્જ પેટે રૂપિયા ૭૦, એનર્જિ ચાર્જ પેટે રૂપિયા ૭૪૩ અને ફ્યુઅલ સરચાર્જ પેટે યુનિટ દીઠ રૂપિયા ૨.૫૦ લેખ ૫૦૦ વસૂલવામાં આવ્યા છે. આમ, કુલ મળીને ૧૩૧૩ રૂપિયા ગ્રાહકોના ખિસ્સામાંથી સરકારે ખંખેરી લીધા છે. તો વર્ષ ૨૦૨૩ ના એપ્રિલ મહિનાની વાત કરીએ તો, ફિક્સ ચાર્જ અને એનર્જિ ચાર્જ યથાવત છે, પરંતુ ફ્યુઅલ ચાર્જ યુનિટ દીઠ રૂપિયા ૩.૧૦ને કારણે ૧૨૦ રૂપિયા વધી ગયા છે. આમ, એક જ વર્ષમાં એક મહિનામાં ૨૦૦ યુનિટ વાપરનારાઓને સીધો ૧૩૮ રૂપિયાનો વધારો સહન કરવો પડે છે. એપ્રિલ ૨૦૨૨ માં ૧૫ ટકા ઈલેક્ટ્રિસિટી ડ્યુટી તરીકે જે ૧૩૭ રૂપિયા ચૂકવવા પડતા હતા, તે એક વર્ષના ગાળા બાદ એપ્રિલ, ૨૦૨૩ માં ૨૧૫ થઈ ગયા છે.

ગત વર્ષે જે વીજળી ૭.૫૫ રૂપિયાના ભાવે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારને મળતી હતી, તે હવે ૮.૨૭ રૂપિયાના ભાવે મળે છે. જે સીધો ૯ ટકા ભાવ વધારો બતાવે છે. એક તરફ ગુજરાત સરકાર વીજળી વધવાના બણગા ફૂંકે છે, પંરતુ બીજી તરફ બંધ દરવાજે વીજળીના ભાવ વધારી રહી છે અને ગ્રાહકોને ખબર પણ પડતી નથી. ગ્રાહકો જ્યારે પોતાનું લાંબુલચક બિલ આવે છે ત્યારે ચોંકી જાય છે. આમ, રહેણાંકના ગ્રાહકો પાસેથી સરકાર વધુ રૂપિયા વસૂલી રહી છે. મોંઘવારીના માર વચ્ચે ગ્રાહકો આ ભાવવધારો સહન કરી શકે તેમ નથી.

NEWS OF GANDHINAGAR_P-1

તંત્રી સ્થાનેથી...

સહજતાથી છૂટાછેડા

ગંભીર વિવાદની સ્થિતિમાં છૂટાછેડા સુગમ રીતે થાય તે જરૂરી છે અને આ દિશામાં સર્વોચ્ચ ન્યાયાલયનો ચુકાદો બહુ પ્રશંસનીય કહી શકાય. ન્યાયાલય બંધારણના અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત પોતાની શક્તિઓ અનુસાર, નહિ સુધરવા યોગ્ય આધાર પર એક વિવાહને ભંગ કરી શકે છે અને બંને પક્ષોને ફેમિલી કોર્ટમાં મોકલ્યા વિના પણ છૂટાછેડા આપી શકે છે. હાલમાં ફેમિલી કોર્ટમાં પરસ્પર સહમતિથી છૂટાછેડા લેવા માટે છથી ૧૮ મહિના સુધી રાહ જોવી પડે છે. અદાલતના નવા ચુકાદા બાદ છૂટાછેડા માટે પ્રતીક્ષા અવધિનું મહત્વ નહીં રહે. એ તથ્ય કોઈથી છૂપું નથી કે છૂટાછેડાની સ્થિતિ પદા થતાં વિવાહમાં કોઈને કોઈ પક્ષને બહુ પીડા કે સતામણીમાંથી પસાર થવું પડે છે. વાસ્તવમાં કાયદા અંતર્ગત પ્રતીક્ષા અવધિની વ્યવસ્થા છૂટાછેડાના ફેંસલા પર પુનર્વિચાર માટે છે, પરંતુ આ અવધિનો ઉપયોગ મોટાભાગે નકારાત્મક રીતે પરેશાન કરવા માટે થાય છે. કેટલાય એવા કેસ હોય છે, જ્યાં છૂટાછેડા માંગતા વ્યક્તિ પર એક-એક પળ ભારે પડે છે. એવામાં સર્વોચ્ચ ન્યાયાલયનો ચુકાદો પીડિતો માટે મોટી રાહત છે. જ્યારે જરૂરી હોય ત્યારે તાત્કાલિક છૂટાછેડાની સુવિધા થઈ જશે, ત્યારે બાકીના સંબંધો પર પણ સકારાત્મક પર અસર પડશે.

એમાં શંકા નહીં કે ભારતમાં છૂટાછેડા લેવાની પ્રક્રિયાને જાણીજોઈને જટિલ બનાવવામાં આવી છે. પ્રક્રિયા એવી છે કે લોકો સમજૂતી કરીને જીવવાનું પસંદ કરે છે, છૂટાછેડા લેવા મોંઘા પણ છે અને તેમાં માનસિક રૂપે લાંબી પીડામાંથી પસાર થવું પડે છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે હવે સ્પષ્ટ કરી દીધું કે અદાલત અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત એવા કેસોમાં પણ વિવાહને ભંગ કરી શકે છે, જ્યાં એક પક્ષ છૂટાછેડા માટે સહમત નથી. અદાલતમાં આ મામલો ઘણાં પહેલાં ચાલી રહ્યો હતો. જૂન ૨૦૧૬માં બે ન્યાયાધીશોની પીઠે પક્ષકારોને ફેમિલી કોર્ટમાં મોકલ્યા વિના છૂટાછેટા આપવા માટે અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત અદાલતની શક્તિઓના પ્રયોગ સંબંધે મામલાને પાંચ ન્યાયાધીશોની મોટી પીઠ પાસે મોકલી દીધો હતો. હવે ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ, સંજીવ ખન્ના, એ.એસ. ઓકા, વિક્રમ નાથ અને જે.કે. મહેશ્વરીની પીઠે સ્પષ્ટ કરી દીધી છે કે અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત અદાલતની શક્તિઓ કાયદાકીય સીમાઓથી મુક્ત છે. પીઠે કહ્યું કે બંધારણીય જોગવાઈ અદાલતને પક્ષકારો વચ્ચે પૂર્ણ ન્યાય માટે કોઈપણ આદેશ જારી કરવાનો અધિકાર આપે છે. કોઈ પરિસ્થિતિમાં છૂટાછેડા આપવા માટે અદાલત પોતાના વિવેકના પ્રયોગથી ફેંસલો લઈ શકે છે અને એ જ યોગ્ય છે. કેટલાય મામલે અદાલતોને એ ખબર હોય છે કે કોઈ પક્ષ સાથે અન્યાય થઈ રહ્યો છે, પરંતુ પ્રતીક્ષા અવધિ આપવાની બાધ્યતા ન્યાયની રાહ રોકી લે છે.

ભારતમાં હિંદુ ધર્મમાં વિવાહ સંસ્કારનું જે સ્વરૂપ છે, તે અનુસાર, છૂટાછેડાની કોઈ માન્ય વ્યવસ્થા નથી, પરંતુ બંધારણ અંતર્ગત છૂટાછેડાની જે વ્યવસ્થા છે, તેમાં સુધારની બહુ ગુંજાશ છે. જો કોઈ દંપતિ સાથે રહેવા નથી માંગતું, તો આ સ્થિતિમાં છૂટાછેડા માટે ઠોસ કે નક્કી કારણ જરૂરી નથી. દંપતિ વચ્ચે છૂટાછેડા માટે સહમતિને અદાલતમાં પર્યાપ્ત માની શકાય છે. બદલાતા દોરમાં એ જરૂરી પણ છે. આખરે કોઈ છૂટાછેડા માટે વ્યાભિચાર, પરિત્યાગ, ધર્માંતરણ અને પાગલપણા જેવા કારણોની રાહ કેમ જુએ? અજાણતાં પણ કોઈ દંપતિ કે કોઈ પક્ષ સાથે ક્રૂરતા ન હોય. એવામાં, વિવાહ કે વિવાહ વિચ્છેદ સાથે જોડાયેલ કાયદાઓને ઉદાર બનાવવા પડશે.

ગાંધીનગરની પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે તા.૨૫મી મે ના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિરાકરણ અંગે જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી, ગાંધીનગરના અધ્યક્ષપણા હેઠળ કલેક્ટર કચેરી, ગાંધીનગર, સે.૧૧, પહેલા માળના સભાખંડમાં " જિલ્લા સ્વાગત કાર્યક્રમ× યોજાશે. જલ્લાના નાગરિકોને પોતાની ફરિયાદ કે પ્રશ્નો આ પ્રેસ નોટ આપ્યા તારીખથી ૧૦(દસ) દિવસમાં કલેક્ટરશ્રી, ગાંધીનગરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

કુસ્તીબાજોનો દિલ્હીના જંતર-મંતર પર વિરોધ ચાલુ,દિલ્હી પોલીસની સુરક્ષા પરત કરી દીધી છે

ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા જંતર-મંતર પહોંચ્યા,ખેલ મંત્રી અનુરાગ ઠાકુર સમિતિ બનાવી મામલાને થાળે પાડવા ઈચ્છતાં હતાંઃ ફોગાટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબ્લ્યુએફઆઈ)ના પ્રમુખ બ્રિજ ભૂષણ વિરુદ્ધ હડતાળ પર ઉતરેલા કુસ્તીબાજોએ દિલ્હીના જંતર-મંતર પર તેમનો વિરોધ ચાલુ રાખ્યો છે. તેમણે દિલ્હી પોલીસની સુરક્ષા પરત કરી દીધી છે. બીજી તરફ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા બુધવારે જંતર-મંતર પહોંચ્યા હતા. અહીં તેમણે ધરણા પર બેઠેલા કુસ્તીબાજો વિનેશ ફોગટ, સાક્ષી મલિક અને અન્ય કુસ્તીબાજો સાથે વાત કરી. તાજેતરમાં, તેમણે ધરણાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેનાથી દેશની છબી ખરાબ થઈ રહી છે. જવાબમાં કુસ્તીબાજોએ કહ્યું હતું કે તેમની પાસેથી આવા નિવેદનની અપેક્ષા નહોતી. અગાઉ વિનેશ ફોગાટે કહ્યું હતું કે અમે કેન્દ્રીય રમતગમત મંત્રી (અનુરાગ ઠાકુર) સાથે વાત કર્યા બાદ અમારી હડતાળ ખતમ કરી દીધી હતી અને તમામ ખેલાડીઓએ તેમને જાતીય સતામણી વિશે જણાવ્યું હતું. તેઓએ એક સમિતિ બનાવીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો, તે સમયે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વિનેશે ખુલાસો કર્યો હતો કે જંતર-મંતર પર ધરણાના ત્રણ-ચાર મહિના પહેલાં અમે એક અધિકારીને મળ્યા હતા, અમે તેમને મહિલા એથ્લેટની જાતીય સતામણી અને માનસિક રીતે ત્રાસ આપવામાં આવે છે તે વિશે બધું જ કહ્યું હતું. તે પછી પણ કોઈ કાર્યવાહી ન થતાં અમે ધરણા પર બેસી ગયા. લાંબા સમયથી પોતાની સત્તા અને પદનો દુરુપયોગ કરનાર શક્તિશાળી વ્યક્તિ સામે ઊભા રહેવું મુશ્કેલ છે.બીજી તરફ બીજેપી સાંસદ મેનકા ગાંધીએ કુસ્તીબાજોની માગનું સમર્થન કર્યું છે. એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે આ અફસોસની વાત છે, ભગવાન તેમને ન્યાય આપે. અહીં કુસ્તીબાજોએ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આપવામાં આવેલ પોલીસ પ્રોટેક્શન લેવાનો ઈંકાર કરી દીધો છે. ખેલાડીઓએ કહ્યું કે જો તેઓ જંતર-મંતર પર પણ સુરક્ષિત નથી તો તેઓ ક્યાંય પણ સુરક્ષિત નથી. તેઓ અહીં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા છે. તેના સમર્થનમાં દરરોજ લોકો અહીં આવતા-જતા રહે છે. પરંતુ, તેમને કોઈની સાથે કોઈ વાંધો નથી.બીજી તરફ રવિવારે વિદ્યાર્થીઓ સાથે ધરણા કરશે. બજરંગ પુનિયાએ સોશિયલ મીડિયા દ્વારા વિદ્યાર્થીઓનો સહયોગ માગ્યો છે. તેમણે ટ્વીટ કરીને લખ્યું છે કે સ્ટુડન્ટ્સ ફોર રેસલર્સ. આ સાથે, તેમણે તમામ વિદ્યાર્થીઓને બુધવારે, ૩ મે, બપોરે ૧૨ વાગ્યે દિલ્હી યુનિવર્સિટી ના નોર્થ કેમ્પસ આર્ટ ફેકલ્ટી ગેટ નંબર ૪ પર આવવા માટે કહ્યું હતુ અને. કુસ્તીબાજો અને વિદ્યાર્થીઓએ અહીંથી પદયાત્રા કરી હતી. બ્રિજભૂષણ શરણ સિંહે મંગળવારે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, જે અધ્યક્ષના ઘરે તમે આવતાં હતાં, લગ્નમાં બોલાવતાં હતાં, હળતા-મળતાં રહેતાં હતાં. જાણે એક પરિવાર હોય. ત્યારે તમને કોઈ ગુપ્ત ફરિયાદ હતી નહીં. તમને બધી તકલીફ ત્યારે થઈ, જ્યારે હું એક પોલિસી લઈને આવ્યો.ઓલિમ્પિકમાં કોણ જશે, કોણ નહીં જાય, આ નિયમ બનાવું છું. ત્યારે તમને તકલીફ થાય છે. કુસ્તીમાં સામાન્ય પરિવારના બાળકો આવે છે. કોઈને કોઈ રીતે તેમના માતા-પિતા પોતાની જરૂરિયાત પર કાપ મુકીને તેમના માટે બદામ-ઘીની વ્યવસ્થા કરે છે. તેમને આશા છે કે દીકરો નેશનલ, ઈન્ટરનેશનલ રમશે. હું તમને કહેવા માગુ છું કે મોદીજી જેમની તેઓ આજે નિંદા કરી રહ્યા છે, યોગીજી જેમની તેઓ આજે નિંદા કરી રહ્યા છે, વિશ્વનો કોઈ દેશ ખેલાડીઓને એટલી સુવિધાઓ કે પૈસા નથી આપતો જેટલો આપણો દેશ આપે છે. ઘણા દેશો ઈચ્છે છે કે કાશ આપણને ભારત તરફથી તક મળે.

તેમણે કહ્યું, "શરૂઆતમાં એવું લાગતું હતું કે આંદોલન મારા પૂરતું જ સીમિત હતું અને માત્ર મને જ દૂર કરવા માગે છે. હવે એવું લાગે છે કે આ આંદોલન શરૂઆતથી જ રાજકીય રીતે પ્રેરિત છે. હરિયાણા, રાજસ્થાન, લોકસભાની ચૂંટણી આવી રહી છે. તેનું કેવી રીતે વિભાજન કરવું આ અંગે સારી રીતે વિચારેલી વ્યૂહરચના છે.હવે તેની તસવીર ખુલ્લેઆમ સામે આવી છે. તેમના મંચ પર એવા તમામ તત્વો છે, જેઓ ઘણા દિવસોથી મોદીનો વિરોધ અને ભાજપનો વિરોધ કરવા માટે સક્રિય છે. જો આ ખેલાડીઓના ધરણા હતા તો સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ ધરણા હટાવી લેવાયા હોત. તેઓ રાજીનામા પર અડગ નથી.મારો કાર્યકાળ પૂરો થઈ ગયો છે. જ્યાં સુધી નવી ચૂંટણી ન થાય ત્યાં સુધી હું સ્પીકર છું. બાદમાં એવી માગ ઉઠી હતી કે તેમણે સાંસદ પદેથી રાજીનામું આપી દેવું જોઈએ, ભલે ગમે તે પદ હોય, તેમણે રાજીનામું આપવું જોઈએ. જિલ્લા પ્રમુખ, રાજ્યોના પ્રમુખોનું પણ રાજીનામું જરૂરી છે.

બ્રિજભૂષણ બાદ હવે કુસ્તીબાજોએ અનુરાગ ઠાકુર પર કર્યા પ્રહાર, આ મામલે આંખ આડા કાન કરવાનો આરોપ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

રાજધાની દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કરી રહેલા કુસ્તીબાજોએ હવે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર પર આરોપ લગાવ્યો છે. સ્ટાર રેસલર વિનેશ ફોગાટે દાવો કર્યો છે કે, અનુરાગ ઠાકુર આ મામલે આખ આડા કાન કરી રહ્યા છે. તાજેતરમાં કુસ્તીબાજોએ એમ પણ કહ્યું હતું કે, તેઓ કરિયરના ડરને કારણે રેસલિંગ ફેડરેશનના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ વિરુદ્ધ બોલતા ડરે છે. ફોગાટે ખેલ મંત્રી ઠાકુર પર કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવ્યો હતો. જેમાં તેણે કહ્યું હતુ કે "અમે રમતગમત મંત્રી સાથે વાત કર્યા પછી વિરોધને પાછો ખેંચી લીધો અને તમામ ખેલાડીઓએ તેમને જાતીય સતામણી વિશે જણાવ્યું. તેઓએ એક સમિતિ બનાવીને મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે દરમિયાન કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારે તે જ મામલે કુસ્તીબાજો બ્રિજભૂષણ સિંહની ધરપકડની માંગ કરી રહ્યા છે. ફોગાટે જણાવ્યું કે જંતર-મંતર પર પ્રથમ વખત વિરોધ કરતા પહેલા તેઓ એક અધિકારીને પણ મળ્યા હતા, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમણે કહ્યું, 'ત્રણ-ચાર મહિના પહેલા જંતર-મંતર પર બેસતા પહેલા અમે એક અધિકારીને મળ્યા હતા. અમે તેમને બધુ જ જણાવ્યું કે કેવી રીતે મહિલા ખેલાડીઓનું યૌન શોષણ અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. પણ તે સમયે પણ કોઈ કાર્યવાહી ન થતાં અમે ધરણા પર બેસી ગયા. ઓલિમ્પિક ખેલાડી બજરંગ પુનિયાએ પણ વિરોધના બીજા રાઉન્ડ દરમિયાન રાજકીય પક્ષોને સામેલ થવાની અપીલ કરી હતી. ત્યારથી અહીં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ ખૂબ જ સક્રિય છે. અહીં ફેડરેશનના પ્રમુખ સિંહ પણ આ પ્રદર્શનમાં કોંગ્રેસના નેતાઓની સંડોવણી હોવાનો આરોપ લગાવી રહ્યા છે. તેણે ઘણા કુસ્તીબાજો પર પણ સવાલો ઉઠાવ્યા હતા. કુસ્તીબાજ સાક્ષી મલિક સહિત ઘણા લોકોએ જાતીય સતામણીના આરોપો પર ડરની વાત કરી હતી. મલિકે કહ્યું, 'આ જ કારણ છે કે અમે લાંબા સમય સુધી ચૂપ રહ્યા. અમે કુસ્તી કરવા અને અમારી કારકિર્દી બચાવવા માગતા હતા કારણ કે અમને ખબર હતી કે તેનો અંત કેવી રીતે આવશે. ત્યારે અમે અમારો અવાજ ઉઠાવવાની હિંમત ન કરી શક્યા, પરંતુ આજે અમે તે સ્તરે પહોંચી ગયા છીએ કે અમે સાથી ખેલાડીઓ માટે બોલી શકીએ છીએ.

અમેરિકન કમિશને ભારતીય એજન્સીઓ પર પ્રતિબંધની બિડેન વહીવટીતંત્રને ભલામણ કરી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૩

યુએસ ફેડરલ કમિશને બિડેન વહીવટીતંત્રને વિનંતી કરી છે કે તેઓ ભારતમાં સરકારી એજન્સીઓ અને અધિકારીઓ પર ધાર્મિક સ્વતંત્રતાના ×ગંભીર ઉલ્લંઘન× માટે જવાબદાર ગણીને તેમની મિલકતો સાથે સંબંધિત વ્યવહારો ફ્રીઝ કરીને પ્રતિબંધો લાદશે. યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (યુએસસીઆઈઆરએફ) એ પણ ભલામણ કરી હતી કે યુએસ કોંગ્રેસ યુએસ-ભારત દ્વિપક્ષીય બેઠકો દરમિયાન ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દાઓ ઉઠાવે અને સુનાવણી હાથ ધરે. યુએસસીઆઈઆરએફએ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને ધાર્મિક સ્વતંત્રતા પરના તેના વાર્ષિક અહેવાલમાં અન્ય કેટલાક દેશોની સાથે સાથે ભારતને ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ પર ×ખાસ ચિંતાનો દેશ× તરીકે નિયુક્ત કરવા જણાવ્યું હતું. યુએસસીઆઈઆરએફે રાજ્ય વિભાગને ૨૦૨૦ થી આવું કરવા જણાવ્યું હતું. ભલામણો કરવી જે હજુ સુધી સ્વીકારવામાં આવી નથી.

યુએસસીઆઈઆરએફની ભલામણો વિદેશ વિભાગને બંધનકર્તા નથી. તેના અહેવાલના ભારત વિભાગમાં, યુએસસીઆઈઆરએફએ આરોપ લગાવ્યો છે કે ૨૦૨૨ માં, ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ સતત કથળી રહી છે. તેના અહેવાલમાં,યુએસસીઆઈઆરએફએ આરોપ મૂક્યો હતો કે, ભારત સરકારે આખા વર્ષ દરમિયાન રાષ્ટ્રીય, રાજ્ય અને સ્થાનિક સ્તરે ધાર્મિક ભેદભાવપૂર્ણ નીતિઓને પ્રોત્સાહન અને અમલમાં મૂક્યું છે, જેમાં ધાર્મિક ધર્માંતરણ, આંતર-શ્રદ્ધાળુ સંબંધો, હિજાબ પહેરવા અને ગૌહત્યાને લક્ષિત કરવાના કાયદાનો સમાવેશ થાય છે, જે નકારાત્મક અસર કરે છે. મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, દલિત અને આદિવાસી.

યુએસસીઆઈઆરએફે રિપોર્ટમાં આરોપ મૂક્યો હતો કે, ×રાષ્ટ્રીય સરકારે ટીકાનો અવાજ ઉઠાવ્યો, ખાસ કરીને ધાર્મિક લઘુમતીઓ અને તેમના હિમાયતીઓ, ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ હેઠળ દેખરેખ, ઉત્પીડન, સંપત્તિનો નાશ અને અટકાયત. એનજીઓ ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળની શાખા અને તેનો અહેવાલ અમેરિકન લોકો માટે ધાર્મિક સ્વતંત્રતાના મહત્વને પ્રતિબિંબિત કરે છે. પટેલે કહ્યું, ×જ્યારે રિપોર્ટની ભલામણો અમુક અંશે સ્ટેટ ડિપાર્ટમેન્ટની ખાસ ચિંતાના દેશોની સૂચિ સાથે સુસંગત છે, તે સંપૂર્ણ રીતે નિર્ણાયક નથી.× સરકારો અથવા અન્ય સંસ્થાઓ કે જેમની પાસે આ અહેવાલ પર પ્રશ્નો અથવા ટિપ્પણીઓ છે તેઓએ કમિશનનો સીધો સંપર્ક કરવો જોઈએ." યુએસ સ્થિત બિન-લાભકારી સંસ્થા ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયન એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝએ યુએસસીઆઈઆરએફના અહેવાલને પક્ષપાતી ગણાવતા તેની ટીકા કરી હતી. એફઆઈઆઈડીએસના ખંડેરાવ કાંડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, યુએસસીઆઈઆરએફ કોર્ટના કેસોમાં વિલંબની યાદી આપે છે પરંતુ જાણી જોઈને એ હકીકતને છોડી દે છે કે નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સના અમલીકરણનો ખરેખર આસામ હાઈકોર્ટ દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો, સરકારે તેમ કર્યું નથી. વધુમાં, અહેવાલ ભારતીય ગ્રામવાસીઓ માટે ગાયના સાંસ્કૃતિક અને આર્થિક મહત્વને સ્વીકારવામાં નિષ્ફળ ગયો હતો અને ગૌહત્યા પરના બંધારણીય પ્રતિબંધનો ઉલ્લેખ કર્યો નથી, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે તે એ હકીકતની સગવડતાપૂર્વક અવગણના કરે છે કે બુલડોઝ કરાયેલા મકાનો ગેરકાયદેસર હતા. તેમણે કહ્યું કે આશ્ચર્યજનક રીતે USCIRF કાશ્મીરમાં જેહાદી મુસ્લિમો દ્વારા હિંદુઓના શિરચ્છેદ અને લક્ષ્યાંકિત હત્યાનો ઉલ્લેખ કરતું નથી. ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલએ સતત ચોથા વર્ષે ભારતને ખાસ ચિંતાના દેશ તરીકે નિયુક્ત કરવાના યુએસસીઆઈઆરએફના નિર્ણયનું સ્વાગત કર્યું.

અમદાવાદમાં એનઆઈએનું વડુ મથક બનશે, ગૃહમંત્રાલય-વાહન વ્યવહાર વિભાગે બહાર પાડ્યું જાહેરનામું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

ગુજરાત એક સરહદી રાજ્ય છે. ઉપરાંત રાજ્યના સરહદી વિસ્તારો તેમજ દરિયાકાંઠાઓથી માદક પદાર્થો, હથિયારો સહિતની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી રહી છે. એટલું જ નહીં ગુજરાત રાજ્યની સરહદો પાકિસ્તાનની બોર્ડર સાથે પણ જોડાયેલી છે, તેથી ગુજરાતની સરહદ સુરક્ષાની દ્રષ્ટિએ ખુબ જ મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ગણાય છે. આ તમામ બાબતોને ધ્યાને રાખી ગૃહમંત્રાલયે આજે મહત્વનો નિર્ણય લીધો છે. ગૃહમંત્રાલયે ગુજરાતના અમદાવાદમાં આવેલા જગતપુરમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીનું વડુ મથક બનાવવાનો નિર્ણય લીધો છે અને તેને લીલી ઝંડી પણ આપી દેવામાં આવી છે. દેશમાં કાઉન્ટર ટેરરિઝમ એજન્સી તરીકે કાર્યરત એનઆઈએનું પોલીસ સ્ટેશન અમદાવાદમાં કાર્યરત થાય તે માટે ગૃહ વિભાગ દ્વારા મંજૂરી અપાઈ છે. ઉપરાંત રાજ્યના ગૃહમંત્રાલયે એનઆઈએના તમામ વાહનોને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવા માટેનું પણ જાહેરનામું બહાર પાડ્યું છે. રાજ્યની સુરક્ષાને ધ્યાને રાખી અમદાવાદના જગતપુરમાં એનઆઈએનું પોલીસ સ્ટેશન શરૂ થાય તે માટે ગૃહ વિભાગે મંજુરીની મહોર મારી દીધી છે અને તે માટે મંત્રાલયે જાહેરનામું પણ પ્રસિદ્ધ કર્યું છે. ઉપરાંત વાહન વ્યવહાર વિભાગ દ્વારા પણ એનઆઈએના વાહનોને લઈ મોટો નિર્ણય કર્યો છે. વાહન વ્યવહાર વિભાગે એનઆઈએને વાહનોને ટોલ ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું છે. ઉલ્લેખનિય છે કે, આ અગાઉ એનઆઈએને અમદાવાદના એસ જી હાઈવે ઉપર કચેરી અપાઈ હતી, જેમાં ફ્રેંછ દ્વારા મહત્વપૂર્ણ કેસોની તપાસ ચાલતી હતી. જોકે રાષ્ટ્રીય તપાસ એજન્સી હવે ગુજરાતમાં પણ કેસ દાખલ કરી શકશે અને તેના અધિકારમાં સમગ્ર ગુજરાત રહેશે. ગૃહ વિભાગે તા.૨૬ મી એપ્રિલે જાહેરનામુ બહાર પાડ્યું હતું, તો વાહન વ્યવહાર વિભાગે ૨૮મી એપ્રિલે જાહેરનામું બહાર પાડી NIAના વાહનોને ટોલ ટેક્સ ભરવામાંથી મુક્તી આપી છે.

યુવતી રેપ વિથ મર્ડર કેસ

વાલમ ગામની યુવતીના રેપ વિથ હત્યાકેસના આરોપીના કોર્ટે દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

(એ.આર.એલ),મહેસાણા,તા.૩

વિસનગર તાલુકાના વાલમ ગામની યુવતી સાથે રેપ કરી તેનું મર્ડર કરનાર આરોપીને પોલીસે ઝડપી લીધો હતો. જેમાં પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં વધુ તપાસ માટે પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જેમાં કોર્ટે આરોપીના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

વિસનગર તાલુકાના વાલમ ગામની યુવતી ૨૫મી એપ્રિલે મહેસાણા ખાતેથી નોકરી કરી પરત ઘરે ફરી રહી હતી. તે દરમિયાન મહેસાણા એસ.ટી.ડેપો આગળથી રિક્ષા ચાલકે આ યુવતીને રિક્ષામાં બેસાડી વિસનગર તરફ બાસણા ગામ પાસે ખેતરમાં લઈ જઈ તેની સાથે બળજબરી પૂર્વક રેપ કરી તેની હત્યા કરી નાખી હતી. જેમાં પોલીસે આરોપી રિક્ષા ચાલક ઠાકોર વિજયને ઝડપી લીધો હતો.

પોલીસે આરોપી વિજય ઠાકોરને કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં મુખ્ય સરકારી વકીલ કેયુર એમ. જોષીએ મૃતક યુવતીના કપડાં અને બુટ રિકવર કરવા, અન્ય આરોપીઓ સંડોવાયા છે કે કેમ તેની તપાસ કરવા, યુવતી પાસેથી મોબાઈલ ઝુંટવી લૂંટ કરી છે, તો તે ક્યાં સંતાડ્યો છે, કે ક્યાં નાખ્યો છે, તેમજ ચાર દિવસથી આરોપી ક્યાં હતો, જે તમામ બાબતો સહિતની તપાસ કરવા માટે ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. જેમાં એડિશનલ સેશન્સ જજ એમ.કે. ઉપાધ્યાયે આરોપીના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

એક બંદર થિયેટર કે અંદર !!!

આપણને માણસ ગમતો નથી. તે ઠીક છે. માણસ ગમે કે ન ગમે પણ પ્રાણીઓ , પક્ષીઓ ગમે છે. પોપટ,કોયલ,લક્કડખોદ , બપૈયા, હોલા, ચકલી ગમે છે. વાઘ, સિંહ , ફૂતરા, શિયાળ ગમે છે. વાઘ-સિંહ ગમે પણ પાળી ન શકાય.કોઇક વિરલા સિંહ કે વાઘ પાળે છે તે વાત અલગ છે. એમ તો ગીરના જંગલમાં ફોરેસ્ટર નાની લાકડી કે દંડૂકાથી જનાવર (ગીરના જંગલમાં સિંહને જનાવર કહેવામાં આવે છે!)ભગાડે છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદના કાવ્યની નાયિકા ચારણ કન્યા સાવજને ભગાડે છે. કેટલાક વિકૃતો સિંહને મરઘી માટે દોડાવે છે કે બાઇકની લાઇટ ચાલુ કરી સિંહને દોડાવે છે.

બધા પ્રાણીમાં વાંદરા તરફ ખેંચાણ અલગ છે. કેમ કે, આપણી ઊત્પતિ વાંદરામાંથી થયેલી હોવાનું ડાર્વિનવાદ કહે છે. જ્યાં સુધી તેનું ખંડન ન થાય ત્યાં સુધી આપણા પૂર્વજો વાંદરા હતા તે નિર્વિવાદ અને નિર્વિલ્પ સત્ય છે.અલબત, વાંદરા તેનું ગૌરવ લેતા હશે કે તે અલગ વિચારણાનો મુદ્દો છે.બીજું કે પતિ કે પત્ની વાંદરા સાથે સામેના પક્ષ-વિપક્ષનો લોહીનો સંબંધ જોડી કાઢે છે. મા દિકરાને કહે કે તારો બાપ વાંદરો છે. પતિ કહે કે તારા પિયરિયા વાંદરા છે!! આ બધુ જાણવા છતાં શું કામ લગ્ન કર્યા એ સવાલ નિરુત્તર રહે છે!!

ભોજનની થાળીમાં જેમ પાપડ જોડાયેલ હોય છે તેમ વાંદરા આપણા જીવન સાથે વણાયેલા છે.

પંચતંત્રમાં મગર અને વાનરની વાર્તામાં ચાલાક વાનર કાળજું ઝાડ પર મુકી આવ્યો છું તેમ કહી મગરથી જીવ બચાવે છે. ભગવાન રામે રાવણ સાથેના યુધ્ધમાં વાનર, રીંછની મદદ મેળવી હતી. બે બિલાડીઓની રોટલાની વહેંચણની વાર્તામાં જજ બનેલો વાંદરો આખો રોટલો ન્યાય તોળવા દરમિયાન ખાઇ ગયો હતો. અત્યારે ન્યાયતંત્રમાં પરિસ્થિતિ લગભગ આવી છે. ન્યાય મેળવતાં મેળવતાં સમય અને સંપતિ ગુમાવવાની રહે છે. ત્યારે સત્યની જીત થાય છે. અસીલ કેસ હારી જાય ત્યારે વકીલ તેને સત્યની જીત કહીને અસીલ સાથે પલ્લો ઝાડે છે!!!

એક રાજાએ વાંદરાને અંગરક્ષક નિમેલો. રાતે ખુલ્લી તલવારે રાજાનું રક્ષણ કરે. રાજાના શરીર પર મચ્છર બેસતાં રાજા પર તલવાર ઝીંકી.મચ્છર ઉડી ગયું. રાજાના તસ્વીર પર સુખડનો હાર ચડી ગયો.

વાંદરાઓમાં ગાંધીજીના વાંદરા ફેમસ છે. એકચ્યુઅલી ત્રણ ફેમસ થયા બાકીના ધનવાન થયા. જોકે , તેના માલિકી કે કુલમુખત્યારનામું કે પેઢીનામું બાપુની તરફેણમાં ન હોવા છતાં ગાંધીજીના વાંદરા તરીકે ફેમસ થયેલા, જેની લોકપ્રિયતાથી મોટા સાહેબ પણ જલે છે!! ભોગ વાંદરાના .આપણે શું?

ગબ્બર અને આવા તીર્થક્ષેત્રોમાં વાંદરાનો ત્રાસ હોય છે.શક્ય છે કે ગયા ભવના મુમુક્ષુ હોય અને અધુરી ખ્વાહિશ પૂરી કરતા હોય!

હોલિવુડમાં ગોડઝિલા નામની ફિલ્મો બનેલી,જે બ્લોક બસ્ટર નીવડેલી.એક બંદર હોટલ કે અંદર નામની ફિલ્મ પણ આવેલી. જેના કારનામા સૌને યાદ છે!

હમણા ગાંધીનગરના અડાલજના થિયેટરમાં એક બંદર થિયેટર કે અંદરનું લાઇવ શુટિંગ થઇ ગયેલું. ગરમીમાં રાહત મેળવવા કે કેજીએફ-૨ કે થ્રી આરની લોકપ્રિયતા પ્રાણી જગતમાં પ્રસરી હશે કે ભગવાન જાણે!! એક બંદરે મલ્ટીપ્લેકસની મોંઘા ભાવની ટિકિટ લીધા સિવાય અનધિકૃત પ્રવેશ મેળવી લીધેલો. સિકયોરીટી ગાર્ડે શું કાળજી રાખી એ તો માલિક જાણે!! થિયેટરમાં પિકચરના શો દરમિયાન વાનર નામનો પ્રેક્ષક હોવાની જાણ થઇ. કોઇ પ્રેક્ષકો વાનરનો ઓટોગ્રાફ લેવા કે સેલ્ફી લેવા આગળ ન આવ્યા તે તેના દુર્ભાગ્ય, બીજું શું? બીજા દિવસે જે છાપે ચડવાનો હોય તે એક દિવસનો સુલતાન કહેવાય. વરરાજા પણ એક દિવસનો સુલતાન અને બાકીના દિવસોનો ગુલામ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

વિષય : ચિંતન લેખ
શિર્ષક: સૂર સરગમ.
શબ્દો:
નામ : મોહનભાઈ" આનંદ"

સૂર એટલે અવાજ કંઠ. પરમાત્માની અનંત કૃપા છે, ભગવાન શિવ ૬૪ કળાના જ્ઞાતા અને દાતા છે. સંગીત એ આત્માનો ખોરાક છે.નિસર્ગ નો કુદરતી અવાજ છે. આ જીવન પ્રાણને આધારે છે માટે એને પ્રાણી કહેવાય છે.એ પ્રાણ વૈશ્વિક છે.એને મૂળ આધાર સૂર્ય છે.એ બ્રહ્માડની નાભિ રૂપ છે, કેન્દ્રમાં રહેલો છે. એ જ બધા સ્વર સ્વરૂપ છે. પ્રાણ અને ઊર્જાનો સ્ત્રોત છે.

એના કારણે જ પળ, ઘટી ,દિવસ રાત અયન વગેરે થાય છે.

દેવ દાનવ માનવ કે પશુ પંખીઓ બધાનું જીવન પ્રાણ એટલે કે સ્વર એટલે કે સૂર ને આધારે જ છે.યોગ માં દર્શાવેલ સાત ચક્રો મૂળાધાર થી સહસ્ત્રાર સુધી પ્રાણનું સામ્રાજ્ય છે. સંગીતના મુખ્ય સાત સ્વરો સા રે ગ મ પ ધ ની સા ,છે એનો આરોહ અવરોહ સ્વરૂપ અભ્યાસ દ્વારા હજારો રાગ રાગિણી દ્વારામનોરંજન થાય છે. સૂર એ એક ચિકિત્સા પદ્ધતિ છે,જેના દ્વારા રોગ પર ઉપચાર થાય છે. સૂર એ ધ્યાન ભજન કીર્તન અને આરાધના દ્વારા ઈશ્વરની ઉપાસના છે સા રે ગ મ પ ધ નિ સા એટલે ષડજ રિષભ ગંધાર મધ્યમ પંચમ ધૈવત અને નિષાદ . સૂર સમક માં આરોહ અવરોહ દ્વારા,મંદ્ર મધ્યમ અને તાર એ પ્રમાણે સ્વરોની ઉપાસના થાય છે,

જેનાદ્વારા સુંદર મજાના રાગ રાગિણી દ્વારા સુમધુર સંગીત પીરસવામાં આવે છે.તેથી સૌનો આત્મા પ્રસન્ન થાય છે. સૂરની આ સાધના એ પોતાના ચૈતન્ય સ્વરૂપની જ આરાધના છે. એ ચૈતન્યનુ અવતરણ પ્રકૃતિમાં થયું એ સ્ફોટ સ્વયં ૐ કારનો ધ્વનિ છે એનું જ વિસ્તૃત ત્રિગુણાત્મક સ્વરૂપ સ્વરમાં સમાયું અને મૂલાધારમાં સ્થિર થયું એ જ કુંડલિની મહાશક્તિ છે .

સંગીત જે જાણે છે એ આત્મ ના આનંદમાં પરિપૂર્ણ થઈ જાય છે ભૌતિક સ્તરે , સ્થૂળ જગતની વાસનામાં જીવતા જીવો માટે કળા સંગીત દ્વારા સરગમ દ્વારા ગીત લોકગીત કે શાસ્ત્રિય ગાયન દ્વારા સુખ અને શાંતિ પ્રાપ્ત થાય એ માટે જ ઈશ્વરની આ રચના છે.સંગીત એ ઘોંઘાટ નથી. જ્યાં લય તાલ બદ્ધતા નથી ત્યાં પ્રાણ તૂટી જાય છે.સંગીત બેસુરુ થઈ જાય છે.આનંદ ખોવાઈ જાય છે. ભક્તિનો ભાવ લાગણીઓનું વર્ણન દ્વારા શરણાગતિ દ્વારામીરા સૂરદાસજી પાનબાઈ કબીર તુલસીદાસ અને સુફી ફકીરે સ્વર સાધના દ્વારા પરમાત્માની આરાધના બતાવી જીવન સાફલ્ય નો માર્ગ પ્રશસ્ત કર્યો છે. અસ્તુ.

ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૦૭ની નરમાઈ: સોના-ચાંદીમાં સુધારો

કોટન-ખાંડી વાયદામાં રૂ.૧૪૦ની ઢીલાશ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૬૨૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૯૪૨૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૩ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૫૮,૦૨૪ સોદાઓમાં કુલ રૂ.૨૬,૦૭૧.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૬૨૧.૦૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૯૪૨૬.૭૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૦,૬૬૫ સોદાઓમાં રૂ.૩,૩૮૨.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૭૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૫૬ અને નીચામાં રૂ.૬૦,૬૩૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૭ વધી રૂ.૬૦,૭૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૬ વધી રૂ.૪૮,૫૫૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૫ વધી રૂ.૬,૦૮૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૬૦,૮૦૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૫,૨૧૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૫,૭૧૧ અને નીચામાં રૂ.૭૪,૯૨૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૭ વધી રૂ.૭૫,૨૦૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૩ વધી રૂ.૭૬,૧૧૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૫ વધી રૂ.૭૬,૧૦૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૮૨૦ સોદાઓમાં રૂ.,૯૩૯.૯૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૩૬.૦૫ના ભાવે ખૂલી, રૂ.૨.૬૦ ઘટી રૂ.૭૩૬.૬૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૦૯.૫૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૨૩૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૦૯.૭૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૪.૪૦ જસત-મિની મે વાયદો રૂ.૧.૫૦ વધી રૂ.૨૩૪.૩૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬૦,૯૬૫ સોદાઓમાં રૂ.૨,૨૯૪.૯૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૯૯ અને નીચામાં રૂ.૫,૬૮૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૭ ઘટી રૂ.૫,૬૯૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૦૫ ઘટી રૂ.૫,૭૦૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૪ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ ઘટી રૂ.૧૭૯.૯૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧.૪ ઘટી ૧૮૦.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩.૧૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૯૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૯૪૦ અને નીચામાં રૂ.૬૨,૯૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ ઘટી રૂ.૬૨,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧ ઘટી રૂ.૯૭૧.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૭૭.૫૩ કરોડનાં ૨,૭૫૯.૮૫૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૦૫.૪૨ કરોડનાં

ડેઈલી માર્કેટ રિપોર્ટ

૨૨૩.૪૨૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૪૦૪.૭૩ કરોડનાં ૨૪,૩૦,૨૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૯૦.૨૧ કરોડનાં ૪,૮૫,૩૭,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૧૧.૦૪ કરોડનાં ૫,૨૯૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૩.૬૭ કરોડનાં ૨,૩૭૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૦૨.૧૩ કરોડનાં ૬,૮૧૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૮૩.૧૧ કરોડનાં ૧૨,૧૨૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૭૨ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ..૪૬ કરોડનાં ૪.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૯૦૫.૩૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૨.૦૪૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૫૮૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૫,૭૯૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૦૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૯૦૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૨,૪૯,૬૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૦૪,૩૭,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૪,૬૮૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૬.૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૩.૨૭ કરોડનાં ૨૮૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૩૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૫૬૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૫૮૫ અને નીચામાં ૧૬,૫૩૪ બોલાઈ, ૫૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૧ પોઈન્ટ વધી ૧૬,૫૬૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૯૪૨૬.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૨૭૩.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૩૩.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૬૪૭૬.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૪૪૨.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૪૪૨.૯૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૧.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૯ અને નીચામાં રૂ.૯૪.૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૯.૨૦ ઘટી રૂ.૯૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૪૫ અને નીચામાં રૂ.૯.૨૦ રહી, અંતે રૂ.૧.૧૫ વધી રૂ.૧૧.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧૦ અને નીચામાં રૂ.૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮ વધી રૂ.૩૭૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૪૭ અને નીચામાં રૂ.૬૫૦ રહી, અંતે રૂ.૫૩ વધી રૂ.૬૭૯.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૭૨૨.૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૭.૫૦ વધી રૂ.૨,૭૭૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૫૪ના ભાવે ખૂલી, રૂ.૬૧.૫૦ વધી રૂ.૨,૧૧૧ થયો હતો. તાંબુ મે રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૮૨ ઘટી રૂ.૭.૫૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૨.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૩.૯૦ અને નીચામાં રૂ.૧૧૮.૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૪.૨૦ વધી રૂ.૨૧૬.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૪૫ અને નીચામાં રૂ.૯.૨૦ રહી, અંતે રૂ.૧.૧૫ વધી રૂ.૧૧.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૪ અને નીચામાં રૂ.૨૦૦.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫ ઘટી રૂ.૨૧૬ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૫ અને નીચામાં રૂ.૪૬૫.૫૦ રહી, અંતે રૂ.૫૦ ઘટી રૂ.૪૯૨.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૬૨ના ભાવે ખૂલી, રૂ.૭ વધી રૂ.૧,૯૯૭.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૭૨ના ભાવે ખૂલી, રૂ.૩.૫૦ વધી રૂ.૧,૯૮૬.૫૦ થયો હતો.

ખરાબ હવામાને ચાર ધામ યાત્રાને અવરોધી, તબિયત ખરાબ થતા અત્યાર સુધીમાં ૧૦ના મોત

(એ.આર.એલ),દહેરાદુન,તા.૩

ગંગોત્રી-યમુનોત્રીના દ્વાર ૨૨ એપ્રિલે ખોલવાની સાથે ચારધામ યાત્રા શરૂ થઈ હતી. આ પછી ૨૫મી એપ્રિલે કેદારનાથ ધામ અને ૨૭મી એપ્રિલે બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની સાથે જ ઉત્તરાખંડના ચારેય ધામોની યાત્રાનો વિધિવત પ્રારંભ થયો હતો. ખરાબ હવામાનના કારણે ચારધામ યાત્રાને લઈને વહીવટીતંત્રની તમામ વ્યવસ્થાઓ ઠપ થઈ હતી. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે, કેદારનાથ અને અન્ય ધામોમાં હિમવર્ષા અને ભારે વરસાદને કારણે શ્રદ્ધાળુઓને અલગ-અલગ સ્થળોએ રોકી દીધા હતા. જ્યારે વહીવટીતંત્રે કેદારનાથ ધામ જતા લગભગ ૧૦ હજાર શ્રદ્ધાળુઓને સુરક્ષિત સ્થાનો પર રોકી દીધા હતા.

યાત્રાળુઓને સોનપ્રયાગથી ઉપર જવાની મંજૂરી નથી. રુદ્રપ્રયાગ જિલ્લા મેજિસ્ટ્રેટ મયુર દીક્ષિતે જણાવ્યું કે, કેદારનાથ ધામમાં ભારે હિમવર્ષાના કારણે તીર્થયાત્રીઓને કેદારનાથ જતા અટકાવવામાં આવ્યા છે. કેદારનાથ જતા તિલવાડાથી ફાટા સુધી લગભગ ત્રણ હજાર, સીતાપુરથી સોનપ્રયાગ સુધી છ હજાર અને ગૌરીકુંડમાં લગભગ એક હજાર શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યા છે. સોમવારે લગભગ છ હજાર શ્રદ્ધાળુઓને કેદારનાથ મોકલવામાં આવ્યા હતા. હવામાન ખરાબ થતાં શ્રદ્ધાળુઓને કેદારનાથ ધામ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. હવામાન સારુ થયા બાદ જ યાત્રાળુઓને કેદારનાથ ધામ મોકલવામાં આવશે.

પોલીસ પ્રશાસને ગંગોત્રી અને યમુનોત્રી ધામ માટે નવી ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરી છે. જે અંતર્ગત હવે યાત્રાળુઓ બંને ધામમાં મંદિરના દર્શન માત્ર રાત્રીના આઠ વાગ્યા સુધી જ કરી શકશે. બીજી તરફ બદ્રીનાથમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં યાત્રા નવ કલાક સુધી રોકી દેવામાં આવી હતી. જેના કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે દસ કલાક સુધી બ્લોક થઈ ગયો હતો. બીજી તરફ બગડતા હવામાનને જોતા રાજ્ય સરકારે યાત્રાળુઓની સુરક્ષા માટે રાજ્યના ત્રણ વરિષ્ઠ સચિવોની એક સમિતિની રચના કરી છે.

હવામાન વિભાગે ઉત્તરાખંડના પહાડી વિસ્તારોની સાથે ચાર ધામમાં ૫ મે સુધી હિમવર્ષા અને વરસાદની ચેતવણી આપી છે. રાજ્ય સરકારને ચારધામ યાત્રાએ જતા યાત્રિકોની સંખ્યા મર્યાદિત કરવા અને યાત્રાળુઓને સુરક્ષિત સ્થળોએ રોકવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે રાજ્યના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એલર્ટ રહેવા જણાવ્યું છે.

બીજી તરફ રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે રાજ્ય સરકારે ચારધામ યાત્રા માટે આવનારા શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ સુરક્ષા વ્યવસ્થા કરી છે. કેદારનાથ ધામમાં છેલ્લા ૨૦ દિવસથી સતત વરસાદ અને હિમવર્ષા થઈ રહી છે. બદરી-કેદાર મંદિર સમિતિની કેદારનાથ ધામ શાખાના એક્ઝિક્યુટિવ ઓફિસર રમેશ ચંદ્ર તિવારી કહે છે કે છેલ્લા બે દિવસથી કેદારનાથ ધામમાં ભારે હિમવર્ષા અને વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે વાતાવરણ ખૂબ ઠંડુ થઈ ગયું છે. વરસાદ અને હિમવર્ષા વચ્ચે સોમવારે લગભગ નવ હજાર અને મંગળવારે લગભગ ૧૨ હજાર શ્રદ્ધાળુઓએ બાબા કેદારના દર્શન કર્યા. ૨૫ એપ્રિલે કેદારનાથ ધામના દ્વાર ખુલ્યા બાદથી અત્યાર સુધીમાં આઠ દિવસમાં એક લાખ એક હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી ચુક્યા છે. જ્યારે અત્યાર સુધીમાં ચાર ધામના ચાર લાખથી વધુ યાત્રિકોએ દર્શન કર્યા છે.

અમદાવાદમાં દિવસે કડિયાકામ અને રાત્રે વાહન ચોરતા લરાઠી રાઈડર ગેંગના બે સાગરિતો ઝડપાયા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

અમદાવાદમાં વાહન ચોરીના ગુનાઓ વધી રહ્યાં છે. રાજ્ય બહારની ગેંગો વાહન ચોરીના ગુનાઓ આચરી રહી છે. ત્યારે શહેરમાં પોલીસે વાહન ચોરી કરતી લરાઠી રાઈડર ગેંગના બે સભ્યોને પકડીને ૧૩ વાહનો કબજે કર્યાં છે અને ૨૧થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલી નાંખ્યો છે. આ ગેંગ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં વાહન ચોરીના કિસ્સાઓ વધુ પ્રમાણમાં સામે આવી રહ્યાં છે. તેમાં ખાસ કરીને મોંઘી દાટ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ત્યારે પોલીસે આવી ગેંગ સામે એક્શન લેવાનું શરૂ કર્યું હતું. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતાં બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યાં હતાં. ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ આરોપીઓને મેમનગર વિસ્તારમાં આવેલ સૌરાષ્ટ્ર પટેલ કન્યા છાત્રાલય પાસેથી પકડી પાડ્યા હતાં.

આરોપીઓની પુછપરછમાં સામે આવ્યું હતું કે, તેઓ સવારે કડિયાકામ તથા સેન્ટિંગની સાઈટો પર કામ કરતા હતાં અને રાત્રે નક્કી કરેલી જગ્યાએ ભેગા થઈને માણસોની અવર જવર ના હોય તેવી જગ્યાએ ટાર્ગેટ કરીને સ્પોર્ટસ બાઈકના લોક તોડીને ચોરી કરતાં હતાં. પોલીસે પકડેલા આરોપીઓમાં આશિષ મીણા, અંકિત અહારીની ધરપકડ કરાઈ છે. આ આરોપીઓ તેમના મિત્રો તથા સંબંધીઓ અવિનાશ શંકર અહારે, સુધિર નનોમા, રાહુલ ડામોર, પ્રકાશ અમરા, લલિત રોત તથા રાજકુમાર ખોખરિયા, રાહુલ ખરાડી, પ્રકાશ બોડાત, રાહુલ મીણા તથા મનિષ મીણા સાથે મળીને ગુનાને અંજામ આપતાં હતાં.

પોલીસે યામાહા, પલ્સર, યામાહા એફ ઝેડ,ટીવીએસ અપાચી, ડિલક્ષ મોટરસાયકલ સહિતના ૧૩ વાહનો કબજે લઈ કુલ ૮.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તે ઉપરાંત આરોપીઓની પુછપરછમાં ગાંધીનગર, અમદાવાદ, નાના ચિલોડા, હિંમતનગર, સરદારનગર, નરોડા,રાણીપ, ચાંદખેડા, સાબરમતી સહિતના વિસ્તારોમાં ચોરી કરેલ ૨૧ ગુનાઓ ઉકેલાયા છે.

યુરોપિયન દેશોએ રશિયાના રફ હીરા પર પ્રતિબંધ મુકતા, સુરતના હીરા ઉદ્યોગ પર મોટી મુશ્કેલી

(એ.આર.એલ),સુરત,તા.૩

સમગ્ર વિશ્વમાં કટ અને પોલિશ્ડ હીરાનું ઉત્પાદન સુરતમાં થાય છે. સુરતમાં ઉત્પાદન થતા હીરામાં ૩૦ ટકા જેટલા રફ હીરા રશિયાની અલરોજ કંપનીથી આવતા હતા. સૌથી પહેલા અમેરિકાએ રશિયાના રફ હીરા ઉપર પ્રતિબંધ મૂક્યો છે તો હવે યુરોપિયન કન્ટ્રીઓએ પણ રશિયાના રફ હીરા પર પ્રતિબંધ મૂકી દીધો છે જેને કારણે સુરતના હીરા ઉદ્યોગને મોટી મુશ્કેલી પડશે.

રશિયાના યુદ્ધને હવે એક વર્ષથી પણ વધુ સમય થઈ ગયો છે પરંતુ તેની અસર હજુ પણ ધીમે ધીમે દેખાઈ રહી છે. અમેરિકાના દબાવને કારણે બેલ્જિયમ સરકાર દ્વારા હવે રશિયન હીરા પર પ્રતિબંધ મૂકી દીધો છે. જેથી સમગ્ર વિશ્વનું ડાયમંડ ગણાતા બેલ્જિયમ એન્ટવર્પ ખાતે જ રશિયાના હીરા પ્રવેશ નહીં કરી શકે તેની અસર સમગ્ર વિશ્વના હીરા ઉદ્યોગકારોને થશે. એન્ટવર્પ મુંબઈ અને સુરતના હીરા ઉદ્યોગકારોને મેસેજ પણ મોકલી આપવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં હીરાનું સૌથી મોટું માર્કેટ અમેરિકા છે. અમેરિકા દ્વારા થોડા સમય પહેલા જ રશિયન હીરા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ રશિયન હીરાનું માર્કેટ સારું એવું હતું પરંતુ અત્યારે હીરા ઉદ્યોગમાં કોઈપણ પ્રકારની તેજી જોવા નથી મળી રહી. હાલ હીરા ઉદ્યોગમાં માત્ર રૂટીન વ્યાપાર જ જોવા મળી રહ્યો છે.

બેલ્જિયમના આ નિર્ણયને કારણે આગામી દિવસો હીરા ઉદ્યોગ માટે થોડા કઠિન બને તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. બેલ્જિયમ સરકાર દ્વારા લેવાયેલો આ નિર્ણય તાત્કાલિક અમલી તો નહીં બને જ્યારે પણ પ્રક્રિયા પૂર્ણ થશે ત્યારથી આ નિર્ણય અમલમાં આવી જશે.

ભલે નિર્ણયનો અમલ થોડો મોડો શરૂ થાય પરંતુ હાલ તો સુરત અને મુંબઈના હીરા વ્યાપારીઓની ચિંતામાં વધારો થઈ ચૂક્યો છે. હાલ સમગ્ર વિશ્વમાંથી આવતા રફ ડાયમંડમાં ૩૦ ટકા જેટલો હિસ્સો અલરોઝા કંપનીનો છે. જો રફની સપ્લાય ઓછી આવે તો સામે કારીગરોને હીરા કામ આપવું મુશ્કેલ બનશે.

પહેલા મિત્રતા કેળવી પછી સગીરા સાથે આચર્યું દુષ્કર્મ

(એ.આર.એલ),મોરબી,તા.૩

સોશિયલ મીડિયા એકબીજાના સંપર્કમાં આવવાનું સૌથી સારુ માધ્યમ છે. પરંતુ આ માધ્યમનો ઉપયોગ કેવી રીતે કરવો તે આપણા પર છે. સોશિયલ મીડિયાથી સંપર્કમાં આવેલી એક સગીરાને આરોપીએ પિંખી નાંખી. સંપર્કમાં આવ્યા બાદ પ્રેમના નામે દુષ્કર્મ આચર્યું. અને અંગત ફોટા પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી હતી.

પોલીસ કસ્ટડીમાં રહેલો આ આરોપી છે મુસ્તુફા સાજીદ દલવાણી. તેણે એક સગીરા સાથે મિત્રતા કેળવીને તેને પિંખી નાંખી. એટલું જ નહીં વાંધાજનક કેટલાક ફોટા પાડ્યા અને તે

સાવન કૃપાલ રૂહાની મિશનના ફિરોઝપુર અમદાવાદ શાખામાં બાળકોની નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું

સાવન કૃપાલ રૂહાની મિશનના ફિરોઝપુર અમદાવાદ શાખામાં બાળકોની નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, આ નિઃશુલ્ક ઝોનલ કેમ્પ માં અમદાવાદ સાથે વડોદરા, ગોધરા, લહેરીપુરા, સુરત, જામનગર, પડિયાર જેવા જુદા સેન્ટર થી બાળકો આવ્યા હતા. જેમાં ૫ વર્ષ થી ૨૦ વર્ષની વયના ૪૦૦ જેટલા બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ બાળકોની આધ્યાત્મિક શિબિરમાં બાળકો માટે આત્મનિરીક્ષણ ડાયરી, સ્વસ્થ જીવન શૈલી, શાકાહારી ભાષા, સૂફી કવ્વાલી અને સંગીત, કવિતા પઠન અને ચિત્રકામ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો ખૂબ જ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.ચિત્ર સ્પર્ધામાં બાળકોના ચિત્રો જોયા પછી આવું જ બન્યું.એવું લાગતું હતું કે તેણે પોતાના હૃદયના વિચારોને રંગોના મેઘધનુષ્ય માં નાખીને પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કર્યો છે. શિબિરમાં બાળકોના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાતી હતી. તેઓ બધા આમ કહ્યું તેમને સ્પર્ધાઓ ખૂબ ગમે છે. શિબિરના તમામ સ્પર્ધા વિજેતા બાળકોને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને શિબિરમાં ભાગ લેનાર તમામ ને સન્માનિત કરવામાં આવ્યા હતા બાળકોને ભેટ પણ આપવામાં આવી હતી. સાવન કૃપાલ રૂહાની મિશનના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજના માર્ગદર્શન હેઠળ બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે 'બાલ સત્સંગ ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં તેઓ આધ્યાત્મિકતાના વિવિધ પાસાઓ તેમજ નૈતિક જીવન કેવી રીતે જીવવું તે શીખવવામાં આવે છે જેથી તેઓ શરૂઆતથી જ આપણે આપણા જીવનમાં સદ્ગુણો ક્ષેત્ર અને શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ ઘડી શકીએ છીએ.આ સાથે એમને આધ્યાત્મિક સ્તરે પણ સફળતા મેળવી શકાશે.

સમગ્ર ભારતમાં બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે સમયાંતરે મિશન બાળકોની આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં બાળકો તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સંત રાજીન્દર સિંહજી મહારાજના સાનિધ્યમાં, બાળકો ભારતમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ માટેના મિશન દ્વારા કોલંબિયામાં ૨૩ દર્શન એકેડેમી શાળાઓ અને એક દર્શન એકેડેમી શાળાની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસ પર ધ્યાન આપવામાં આવે છે. સંત રાજીન્દર સિંહજી મહારાજના કાર્યરત હેઠળ સાવન કૃપાલ રુહાની મિશન માં માનવ સેવાના કલ્યાણ માટે ઘણા કાર્યો કરવામાં આવે છે, જેમ કે રક્તદાન શિબિર તેમજ મફત મોતિયાના ઓપરેશન કેમ્પ અને આરોગ્ય તપાસ શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે. અને સમયાંતરે શારીરિક રીતે વિકલાંગ ભાઈઓ અને બહેનોને સહાયક ઉપકરણોનું પણ વિતરણ કરવામાં આવે છે.

આ ઉપરાંત ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને નેપાળમાં આવેલા ગંભીર ભૂકંપ વખતે પણ સાવન કૃપાલ રૂહાની મિશનના સ્વયંસેવકોએ ઘણા ગામડાઓમાં પીડિત લોકોને ધાબળા, સ્વેટર અને ફોમ ગાદલા જેવા ગરમ કપડાં તેમજ દવાઓ વગેરે આપ્યા હતા. સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સમગ્ર વિશ્વમાં ધ્યાન દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા છે, જેના પરિણામે તેમને ઘણા શાંતિ પુરસ્કારો અને સન્માન તેમજ પાંચ સન્માન મળ્યા છે. વિવિધ દેશોમાંથી ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી છે.સાવન કૃપાલ રૂહાની મિશનના સમગ્ર વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્રો સ્થાપિત છે અને મિશન નું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થયું છે.

રિજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે

કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં ૬૩માં ગુજરાત સ્થાપના દિન સાથે તેનો પ્રથમ સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાઈ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી દ્વારા સ્થાપિત રિજીયોનલ સાયન્સ સેન્ટર પાટણ ખાતે ૧લી મે ૨૦૨૩ ના રોજ "ગુજરાત સ્થાપના દિન" સાથે તેનો ×પ્રથમ સ્થાપના દિનની× ભવ્ય ઉજવણી કરવામાં આવ્યું હતું. પાટણના માનનીય કલેક્ટર સાહેબશ્રી અરવિંદ વિજયન ની ઉપસ્થિતિમાં અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ સેન્ટર ના પ્રોજેક્ટ ડાઇરેક્ટર ડૉ સુમિત શાસ્ત્રીએ કલેક્ટર સાહેબશ્રી ને સાયન્સ સેન્ટર ની વિવિધ ગેલેરીઓ ની મુલાકાત કરાવી હતી સાથે સાયન્સ સેન્ટર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખેલ હતો જેમાં ૬ પ્રજાતિના ૧૫૫ થી વધુ વૃક્ષો રોપ્યા હતા. ત્યારબાદ સાયન્સ સેન્ટર નો એક વર્ષની મુસાફરીની ટૂંકી ફિલ્મનું આયોજન કરવામાં આવેલ હતું તથા સાયન્સ સેન્ટરના એક વર્ષ દરમિયાન જે મહત્વની સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે તેની માહિતી આપવામાં આવી જેમાં લોકાર્પણથી એક વર્ષમાં ૬ લાખથી વધુ લોકોએ આ સેન્ટરની મુલાકાત લીધેલ છે, ગુજરાતના તમામ જિલ્લા અને દેશના ૨૪ રાજ્યો ઉપરાંત વિદેશી પ્રવાશીઓ પણ આ સાયન્સ સેન્ટરની મુલાકાત લઈ ચૂક્યા છે. આ એક વર્ષમાં ૧.૮૩ લાખથી વધુ લોકોએ અહી આવેલ ૫-ડી થિયેટરની મજા માણેલ છે. ત્યારબાદ સહભાગીઓ માટે ડાયનોસોરના જીવન પર સાયંટિફિક-શો અને એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સ, હ્યૂમન એનાટોમી, ડ્રોન ટેક્નોલૉજી, હાયડ્રોપોનીક્સ અને ક્લાઈમેન્ટ ચેન્જ પર વર્કશોપ સાથે વિદ્યાર્થીઓ માટે ક્વિજ કોમ્પિટિશન નું આયોજન કરેલ હતું જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવ્યું હતું. પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર આ એક વર્ષ માં નવા પ્રવાસન સ્થળની સાથો સાથ વિજ્ઞાન અને શૈક્ષણિક સ્થળ તરીકે લોકપ્રિય બન્યું છે. આ પ્રસંગે પુનાભા લોકવિજ્ઞાન કેન્દ્રના વણવીર ભાઈ ચૌધરી સાહેબ તેમજ જાણીતા પત્રકાર માનસિહ ભાઈ ચૌધરી પણ જોડાયા હતા.

સ્ટર્લિંગ હોસ્પિટલના ન્યુરોસર્જન ડો. ગૌરાંગ વાઘાણીએ ૬૭ વર્ષની મહિલાની મણકાની સમસ્યા પર સફળ ઉપચાર કર્યો

આપણા સમાજ માં હેલ્થ કેર ક્ષેત્રે કરોડરજ્જુ કે મણકા ના ઓપરેશન વિશેની ગેર સમજ ખુબ જ પ્રવર્તમાન છે. સામાન્ય જન ના માનસ પર એવી છાપ છે કે, મણકા ના ઓપરેશન પછી દર્દી કાયમી પથારી વશ બની જાય છે અને ફરી પોતાનું જીવન જીવવા સ્વતંત્ર રહેતો નથી. તો આ માન્યતા નું ખંડન કરતો આ કિસ્સો ઉદાહરણ રૂપ છે.

મીનાબેન ગાંધી કે જેમની ઉંમર ૬૭ વર્ષની છે જેમને પડી જવાથી કમરના મણકા માં ફ્રેક્ચર થયેલું અને ધીમે ધીમે પગમાં નબળાઈ ની અસર સાથે પેશાબ-સંડાસ નો કાબુ પણ ગુમાવી દીધેલો હતો. આ પરિસ્થિતિમાં ૧ થી ૧.૫ મહિના ની સારવારના અંતે પણ ચોક્કસ પરિણામ આવ્યું નહીં, જે પછી તેમને સંબંધી પાસેથી સ્ટર્લિંગ હોસ્પિટલના ન્યુરો અને સ્પાઈન સર્જન ડો. ગૌરાંગ વાઘાણીને મળવા માટે કહેવામાં આવ્યું. તેઓ સ્ટર્લિંગ હોસ્પિટલમાં તપાસ કરાવવા માટે આવ્યાં. ડો. ગૌરાંગ વાઘાણીએ ધ્યાનપૂર્વક તેમનું પરીક્ષણ કર્યું અને તેમના રિપોર્ટસને આધારે સર્જરી કરાવવાની સલાહ આપી. તેમના સંબંધીઓને ડોક્ટર અને હોસ્પિટલમાં વિશ્વાસ હોવાથી સર્જરી માટે સંમતિ આપી. સર્જરી ત્રણથી ચાર કલાક સુધી ચાલી હતી. દર્દીને સર્જરી પછી ત્રીજા જ દિવસે રજા આપવામાં આવી. આ પછી ફિઝિયોથેરપી અને રિહેબિલિટેશન થેરપી તેમ જ પરિવારના આધાર સાથે દર્દી પોતાની મેળે ચાલવા લાગ્યાં અને સુખદ આશ્ચર્ય એ છે કે તેમને નવું સ્વતંત્ર જીવન મળ્યું અને દર્દી અને તેમના પરિવારે ડોક્ટર અને હોસ્પિટલનો ખૂબ ખૂબ આભાર માન્યો. સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ ખાતે ન્યુરોસર્જરી અને સ્પાઈન સર્જરી વિભાગના પ્રમુખ ડો. ગૌરાંગ વાઘાણી પ્રતિષ્ઠિત એઈમ્સ- નવી દિલ્હીથી ન્યુરોસર્જરીમાં તાલીમબદ્ધ રાજકોટમાં એકમાત્ર ન્યુરોસર્જન છે અને તેમને સાઉથ કોરિયા અને મેક્સ હોસ્પિટલ, દિલ્હીથી એન્ડોવાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ પ્રાપ્ત કરી છે. તેઓ મગજ અને કરોડરજ્જુ સાથે સંબંધિત દરેકેદરેક રોગની સર્જરીમાં નિષ્ણાત છે. તેમણે રાજકોટમાં છેલ્લાં ૯ વર્ષમાં ૪૦૦૦થી વધુ મગજ અને કરોડરજ્જુની સર્જરીઓ કરી છે.

આ ઉપરાંત સ્ટર્લિંગ હોસ્પિટલ,રાજકોટ ખાતે મણકાની કે કરોડરજ્જુની વિવિધ બીમારી ઓ માટે નિદાન તથા સારવાર ના બધા વિકલ્પો ઉપલબ્ધ છે જેમ,કે દૂરબીનથી મણકાના ઓપરેશન, એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી, નાના કાપા અને ઓછી વાઢ કાપ વડે મિનિમલ ઇન્વેઝીવ સ્પાઈન સર્જરી તથા ઈન્જેક્શન(રૂટ બ્લોક અને ફેસેટ બ્લોક), લેસર દ્વારા સારવાર અને દવા અને કસરત દ્વારા સારવાર. આ સર્જરી વિશે વધુ માહિતી આપતા ડૉ. ગૌરાંગ વાઘાણી એ જણાવ્યું હતુ કે, આ સારવાર માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનો અને સહાયક-સુવિધાઓ જેવીકે, ઈન હાઉસ MRI ,CT Scan, બ્લડ સ્ટોરેજ, લેબોરેટરી, સઘન ICU સાથે ઇન્ટેન્સીવિસ્ટ બેકઅપ અને ફિઝિયોથેરાપી યુનિટ વગેરે જરૂરી હોય છે, જે અત્રે સ્ટર્લિંગ હૉસ્પિટલ, રાજકોટમાં ઉપલબ્ધ છે. અનુભવ અને ટૅકનોલૉજીના સમન્વયથી રાજકોટમાં ઘરઆંગણે સ્પાઇનની આધુનિક સર્જરીઝ ઉપલબ્ધ છે.

એક્કર ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોલાર એનર્જી દ્વારા જીપેરી કેમ્પસ ખાતે 'સોલર પીવી ઇન્સ્ટોલર્સ' પર ૬ દિવસીય 'ટ્રેઇનર્સની તાલીમ' માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે ઔદ્યોગિક નિષ્ણાતો, અધ્યાપક ગણ અને નિષ્ણાતોના વિવિધ સંલગ્ન સત્રો પછી સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. સેશનના અંતમા ઇક્યુબેશન સેન્ટર, હેન્ડ્સ ઓન સેશન અને ૩ વિવિધ મેગાવોટ સ્કેલ પાવર પ્લાન્ટ ખાતે એક દિવસીય ઔદ્યોગિક મુલાકાતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શૈક્ષણિક અને ઉદ્યોગોના કુલ ૧૪ ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમ સહભાગીઓને તેમની કારકિર્દીની વૃદ્ધિ અને સૌર ફોટોવોલ્ટેઇકના ક્ષેત્રમાં જ્ઞાનના સંવર્ધન માટે મદદરૂપ થશે. સમગ્ર આયોજન ઇલેક્ટ્રિકલ વિભાગના વડા પ્રો. પિયુષ મિયાણી, પ્રો. (ડો.) રિતેશ પટેલ દ્વારા પ્રિન્સીપાલ ડો. ચિરાગ વિભાકર ના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષનું કેલેન્ડર જાહેર, શાળાઓનું પ્રથમ સત્ર પમી જૂનથી શરૂ થશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા નવા વર્ષનું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યુ છે. આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું કેલેન્ડર જાહેર કરી દેવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ની પૂરક પરીક્ષા પ્રિલિમ પરીક્ષા તેમજ વાર્ષિક પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત દિવાળી અને ઉનાળુ વેકેશન સહિત તમામ તારીખો જાહેર કરી દેવામા આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આગામી નવા શૈક્ષણિક સત્ર માટે કેલેન્ડર જાહેર કરવામાં આવ્યુ છે. નવા શૈક્ષણિક કેલેન્ડર અનુસાર શાળાઓનું પ્રથમ સત્ર પમી જૂનથી શરૂ થશે તેમજ ૯ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર દિવાળી વેકેશન રહેશે. દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે. આગામી સત્રમાં સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં ૧૯ રજાઓ મળવા પાત્ર રહેશે. આ સત્રમાં બોર્ડની પરીક્ષા ૧૧ માર્ચ ૨૦૨૪થી ૨૮ માર્ચ ૨૦૨૪ સુધી લેવામાં આવશે. શાળાકીય પરીક્ષા ૮ એપ્રિલ ૨૦૨૪થી યોજવામાં આવશે અને ઉનાળુ વેકેશન ૬ મે ૨૦૨૪થી ૩૫ દિવસનું રહેશે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે. તો પ્રથમ સત્રની પરીક્ષા ૩ ઓક્ટોબરથી લેવાશે.

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા 'નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ'નું આયોજન રામકથા મેદાન, સેકટર ૧૧ ખાતે કરવામાં આવ્યું. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબે ઉપસ્થિત રહી યુવા રમતવીરોનો જુસ્સો વધાર્યો તેમજ આ ભવ્ય આયોજનને બિરદાવ્યું હતું. આ વેળાએ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટ, માણસાના ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ, સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ, શહેર ભાજપ અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રીશ્રી, હોદેદારશ્રીઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીના ભિલોડા અને મેઘરજ તાલુકામાં દૂધ સંજીવની યોજના બાળકો માટે આશીર્વાદરૂપ બની

માહીતિ બ્યુરો અરવલ્લી,

આદિવાસી વિસ્તારના બાળકોને પોષણયુક્ત ખોરાક આપી કુપોષણ દૂર કરવામાં હેતુથી શરૂ થયેલી દૂધ સંજીવની યોજના ભિલોડા અને મેઘરજ તાલુકાના બાળકો માટે અમૃત સમાન બની છે. બાળકો આ યોજના હેઠળ મળતા દૂધને મજાથી પીવે છે અને પોતાનું સ્વાસ્થ્ય ઉજ્જ્વળ બનાવે છે. આ યોજનાથી બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે. બાળકોની સાથે સગર્ભા અને ધાત્રી માતાઓને પણ આ યોજના અંતર્ગત દૂધ આપવામાં આવે છે. અરવલ્લી જીલ્લામાં ICDS શાખાના ભિલોડા અને મેઘરજ તાલુકાના ૬ માસથી ૩ વર્ષ અને ૩ થી ૬ વર્ષના બાળકો,સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. લાભાર્થીઓને દર અઠવાડિયે અલગ અલગ ૨ ફ્લેવરમાં જેવી કે ઈલાયચી અને બટરસ્કોચ યુક્ત દૂધ આપવામાં આવે છે. બાળક દીઠ ૧૦૦ ml દૂધ સોમ થી શુક્ર આપવામાં આવે છે. સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને દર બુધવાર અને શુક્રવારે ૨૦૦ ml દૂધ આપી આ યોજનાનો લાભ આપવામાં આવે છે. આમ, અમૃતસમા દૂધની મઝા માણીને બાળકો પોતાના તંદુરસ્ત ભવિષ્ય માટે આગળ વધે છે.

લગ્નમાં ગરબા રમીને ઘરે પહોંચેલા ૩૬ વર્ષના યુવકનું હાર્ટ એટેકથી મોત

(એ.આર.એલ),રાજકોટ,તા.૩

રમતા-રમતા કે ડાન્સ કરતી વખતે હૃદયની કાર્યક્ષમતા પર વધારે ભારણ આવવાથી યુવાનોને હાર્ટ એટેક આવવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે, ત્યારે હવે રાજકોટમાં વધુ એક યુવકનું દાંડિયા-રાસ રમ્યા બાદ મોત થયું છે. રાજકોટ સહિત ગુજરાતના અન્ય ભાગોમાં પણ આ પ્રકારની ઘટનાઓ સામે આવી રહી છે. રાજકોટ શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા શ્રીનાથજી સોસાયટીમાં હાર્ટ એટેકના કારણે આશાસ્પદ ૩૬ વર્ષના યુવાનનું મૃત્યુ નીપજયું છે. મળતી માહિતી મુજબ અમિત ચૌહાણ નામનો યુવક દાંડિયા-રાસ રમીને ઘરે આવ્યો હતો અને તે બાદ અમિતને પોતાના ઘરે હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાજર ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો, માલવિયાનગર પોલીસ દ્વારા ઘટના સંબંધિત તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ મૃતક અમિત ચૌહાણના ત્રણ ભાઈ અને એક બહેનમાં નાનો હતો. તેમજ સંતાનમાં તેને એક દીકરો હોવાનું પણ સામે આવ્યું છે. અમિત ચૌહાણ પીરવાડી ખાતે સોની કામની ડાય બનાવવાનું કામ કરતો હોવાની માહિતી મળી રહી છે.

અમિત ચૌહાણના ફોઈના દીકરા અક્ષય ખેલૈયાના લગ્ન પ્રસંગમાં કરાયેલા દાંડિયા-રાસના કાર્યક્રમમાં ગયો હતો. જે દાંડિયા રાસ રમીને અમિત ચૌહાણ દાંડિયા રાસ રમ્યો હતો. ત્યારબાદ ઘરે પરત ફરિયા બાદ તેને હાર્ટ એટેક આવતા તેનું મૃત્યુ નીપજયું હોવાનું સામે આવ્યું છે.

અડાલજ પોલીસ સ્ટેશન ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો : ૨૬૯ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરાઈ

ગાંધીનગરઃ બુધવાર

સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ દ્વારા અડાલજ પોલીસ સ્ટેશન ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં એન.સી.ડી સેલ વિભાગ,દંત સર્જન વિભાગ,આંખ વિભાગ, ફિઝયોથેરાપી વિભાગ તેમજ આઈ.સી.ટી.સી વિભાગ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. ૨૬૯ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ દ્વારા અડાલજ પોલીસ સ્ટેશન ખાતે આયોજન કરવામાં આવેલા કેમ્પમાં એન.સી.ડી. સેલ અડાલજ ની ટીમ દ્વારા ૭૭ જેટલા લાભાર્થીઓનાં ડાયાબીટીશ તથા બ્લડ પ્રેશરનું નિશુ:લ્ક ચેકઅપ કરવામાં આવ્યું હતું. અને તેમના હાઈટ, વેઈટ તેમજ બીએમઆઈ કરવામાં આવ્યા હતા. લાભાર્થીઓને બિનચેપી રોગોને લગતી માહિતી આપવામાં આવી હતી. દંત સર્જન દ્વારા ૪૯ લાભાર્થીઓની મોં ની તપાસ કરવામાં આવી હતી. યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફિજિયોથેરાપી ડોકટર દ્વારા ૪૫ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. ઓપ્ટોમેટ્રીસ દ્વારા ૫૬ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. આઈ.સી.ટી.સી. વિભાગ દ્વારા એચ.આઇ.વી - એઇડ્સ તથા જાતીય રોગો, ટી.બી. ની જાણકારી તથા ૪૨ લાભાર્થીઓની તપાસ પણ કરવામાં આવી હતી. ૧૮ લાભાર્થીઓના છમ્ઝ્ઝ્છ કાર્ડ જનરેટ કરવામાં આવ્યા હતા.

આ નિશુલ્ક કેમ્પમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજના અધિક્ષક શ્રી ડૉ. વિપુલ એન સોનેરી, અડાલજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી મુછાર, અડાલજ ગામના સરપંચ શ્રી પ્રજ્ઞેશ ભાઈ પટેલ તથા અડાલજ ગામ ના અન્ય આગેવાનોએ હાજર રહી દીપ પ્રાગટ્ય કર ને મેડીકલ કેમ્પ ની શરુઆત કરાવી હતી. આ કેમ્પ માં એન.સી.ડી સેલ વિભાગ ,દંત સર્જન વિભાગ , આંખ વિભાગ, ફિઝયોથેરાપી વિભાગ તેમજ આઈ.સી.ટી.સી વિભાગ દ્વારા સેવાઓ આપવામાં આવેલ હતી તેમજ જરૂરી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ હતું .

કવિ ઉમાશંકર જોષીની જન્મભૂમિ બામણાનું ગૌરવ...

કુમારી સાર્વી ભાવેશભાઈ પંચાલ. પરફેક્ટ સ્કુલ હિંમતનગર ખાતે ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરતી સારવી પંચાલે ગુજરાત એચ એસ સી બોડે માં ૯૭.૧૩ અને ગુજકેટ ની પરીક્ષા માં ૯૨.૨૬ ટકા મેળવી શાળા અને પરિવાર નું સાથે સાથે કવિ ઉમાશંકર જોશી ની જન્મ ભૂમિ બામણા ગામ નું અને પંચાલ સમાજ નું ગૌરવ વધારેલ છે....શાર્વી પંચાલ વધુ આગળ એમ બી બી એસ નો અભ્યાસ કરવા માંગે છે અભ્યાસ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા બદલ શ્રવણ સુખધામ સંસ્થા ના આધસ્થાપક ઈન્દુ પ્રજાપતિ એ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે દિકરીઓ ને કન્યાદાન નહીં પરંતુ શિક્ષણ નું દાન અને જ્ઞાન આપવું એજ મહત્વનું છે એમ બી બી એસ નાં ઉચ્ચ અભ્યાસ કરવા બદલ દીકરી શાર્વી પંચાલ ને અંતરના આશિષ પાઠવ્યા હતા.....

અહેવાલ.. રીપોર્ટ.હિરેન પ્રજાપતિ અરવલ્લી.સા.કા

|| શ્રદ્ધાંજલી ||

સ્વ. શિવમ અજયકુમાર વ્યાસ

દિલગીરી સાથે જાણવાનું કે અમારો પુત્ર સ્વ. શિવમ અજયકુમાર વ્યાસ, વૈશાખ સુદ બારસ ને મંગળવાર તા.૨/૫/૨૦૨૩ ના રોજ વૈકુંઠવાસી થયેલ છે.

સદગત બેસણું

તા. ૪/૫/૨૦૨૩ ને ગુરૂવાર ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી રાખેલ છે.

સ્થળ.
બી-૫૦૬, શિવમ આર્કેડ-૨, દહેગામ રોડ, હંસપુરા, નરોડા, અમદાવાદ : ૩૮૨૩૩૦.

લી.
અજયકુમાર વ્યાસ 8141244116
મનહરભાઈ વ્યાસ 8306559675
ભુપેન્દ્રભાઈ વ્યાસ 9712626179
સ્મિત અજયકુમાર વ્યાસ 6354901877

new post

આશા અમર છે !
ટિપ્પણીની આશા !
Pravina Kadakia

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.